હરિઃ ૐ

તેજછાયા

[ગુજરાતી સાહિત્યના ત્રણ સિદ્ધહસ્ત લેખકોની
ગુણ-ભાવ-વિકાસક વાર્તાઓનો સંપુટ]

* સસ્નેહ ભેટ *

નંદુભાઇ

સંપાદક

નંદુભાઈ શાહ

(હરિઃ ૐ આશ્રમવાળા)

હરિઃ ૐ

સમર્પણાંજલિ

મને

મારી કિશોરાવસ્થાની મુગ્ધ વયમાં

જેમણે સૌ પ્રથમ

સાહિત્યના સંસ્કાર પાડ્યા

અને

લલિત વાઙ્મય તરફ અભિમુખ કરી

જીવનભર જીવનવિધાયક સાહિત્યનો

રસ લગાડ્યો

એની મધુર સ્મૃતિમાં

શ્રી ઈશ્વરલાલ મણિલાલ મહેતા

(અમદાવાદ) ને

ભાવસભર સસ્નેહ સમર્પણ

—નંદુભાઈ

હરિઃ ૐ આશ્રમ, સુરત
શરદ પૂર્ણિમા, સવંત ૨૦૩૭
તા. ૧૩–૧૦–૮૧

સમર્પણ

શ્રી કમળાશંકર જે. મહેતા

'પ્રિયે... પ્રિયે...!'

રખે સંકોચાતા ! પ્રથમ યૌવનની આ પ્રગલ્ભતા નથી, પરમ ભાગ્યયોગે હાથ આવી પડેલા પારસમણિને સળગતી ચિતામાં ફેંકી દઈ પરિતાપની જ્વાળામાં શેકાતા એક પાગલનો આ પોકાર છે. જીવનમાં એણે કદી લોભ રાખ્યો નથી. પરંતુ જીવનની એ અકાળ સંધ્યાએ તેના કપાળ ઉપરના એ મોટા લાલચટક ચાંલ્લાનો લોભ એ જતો કરી શકી નહિ. ચૂંદડી ઓઢી, હિંગળોકનો ચાંલ્લો કરી, સેંથામાં સિંદૂર પુરાવી એ ગઈ ! અમારા ગામને પાદર વહેતી શાંત સરિતાને શાંત કાંઠે એ સૂતી છે. તેની ચિતા ઉપર નાનીશી સમાધિ ઊભી છે અને એ સમાધિ પર મારે હાથે મેં કૃષ્ણતુળસી રોપ્યાં છે. ગાયોના ધણે ઉડાડેલ ધૂળની ડમરી શમી ગયા પછી અહીં હું આવું છું. નાનકડા ઘડૂલામાંથી તુળસીક્યારે જળ સીંચું છું, તુળસી શીળું હસે છે. તુળસીક્યારે એક ઘૃતદીપ પ્રગટે છે ને શુભ્રશ્વેત સ્નેહ શો એ પ્રકાશે છે. ધીરે ધીરે જળ જંપે છે, આકાશમાં તારા નીકળી આવે છે, મંદ સમીર વહેવા માંડે છે, પગ લાંબા કરી સમાધિને અઢેલીને બેસું છું, એક ઊંડો શ્વાસ લઈ આંખો વીંચું છું...ને...ને...

કાળના પડદા ઊંચકાય છે. પેલું અમારું ગામ... પણ ઘેટાંના ટોળામાં ઊંટ ઊભાં હોય એવાં પેલાં રંગબેરંગી મકાનો ત્યારે નહોતાં. બધાં એકસરખાં માટીનાં ખોરડાં ! સફેદ ગોરમટીથી ધોળેલાં ! ક્યાંક ક્યાંક મોર, પોપટ, ચકલીઓનાં ચિતરામણ ચીતરેલાં ! પેલો

અમારો બ્રાહ્મણવાડો ! આંગણામાં એક કોર ગાયો બાંધી છે, બીજી બાજુ કૃષ્ણતુળસીનું જૂથ જામ્યું છે. આ બ્રાહ્મણવાડામાં એક વિધવા રહે છે. તેની આંગળીએ વળગી એક પાંચ-સાત વર્ષનો બાળક ઊછરી રહ્યો છે. એ વિધવાના ઘરની સામગ્રી દિવસે દિવસે પાંખી થતી જાય છે. પરંતુ નવી સમૃદ્ધિનો સર્જનહાર દિવસે દિવસે મોટો થતો જાય છે. તેના સામે જોતી તે આશ્વાસન પામતી રહે છે. એકધારા દિવસો વહી જતા હતા, પણ એક દિવસ કંઈક જુદો ઊગ્યો. રોજેય વહેલી ઊઠતી બા તે દિવસે રાત્રે કદાચ ઊંઘી જ નહિ હોય ! મનેયે વહેલો ઉઠાડ્યો. મા કંઈક વિશેષ આનંદમાં હતી. આથમવા આવેલું યૌવન છેલ્લો ઝગારો મારી લે એમ અમારા ઘરે સૌંદર્ય અને સુઘડતાની ઝલક દેખાડી માએ મોટાં તપેલાં માગી આણી દાળ ઓરી અને કંસારનાં આંધણ મૂક્યાં. ગાડામાં પરગામથી મહેમાનો આવ્યા. મારું મહત્ત્વ કંઈક વધ્યું. મારા કપાળમાં શુકલે ચાંલ્લો કર્યો. આવનાર મહેમાને મારે માથે પાઘડી બાંધી. તે દિવસે હું તો નહોતો સમજ્યો પણ તમે તો સમજી ગયા હશો : તે દિવસે મારું વેવિશાળ થયું. થોડા દિવસ પછી અમારે બારણે ઢોલી નાચ્યા, ગીત ગવાયાં અને મને લઈ બધા બીજે ગામ ગયા. તે રાત્રે શું થયું તે તો યાદ નથી પણ ત્રીજે દિવસે અમે પાછા વળ્યા ત્યારે મારા જ જેવડી એક નમણી છોકરી મારી સાથે વેલમાં બેસી, મારે ઘેર આવી. માએ કહ્યું : 'વહુ આવી.' ગામે કહ્યું : 'વહુ આવી.' પણ મને વહુ દેખાઈ નહિ. તેણે મને તેની ઢીંગલી બતાવી. નવાં જ રેશમી ચીંથરાંથી તેને શણગારી હતી. તેણે કહ્યું : 'ચાલ આપણે ઘર ઘર રમીએ.' બાએ 'ખાઉં ખાઉં' આપ્યું ને અમારી રમત ચાલી. પણ રમત બહુ દિવસ ટકી નહિ. ત્રીજે દિવસે તેના ભાઈ આવ્યા ને તેની સાથે તે ચાલી ગઈ. સંભારણામાં તેની ઢીંગલી મૂકતી ગઈ ! પરંતુ થોડા દિવસમાં ઢીંગલીય ભુલાઈ ગઈ. ઢીંગલીની આપનારી પણ ભુલાઈ ગઈ. ઢાળ પરથી ગબડતા હોય એમ દિવસો ગબડવા લાગ્યા. ગુજરાતી શાળા

છોડી હું અંગ્રેજી નિશાળનાં પગથિયાં ચડ્યો. એક પછી એક એ નિશાળના ઓરડાઓય બદલાતા ચાલ્યા. કિશોરાવસ્થાએ ચૂપકીદીથી યૌવનને મારો હવાલો સોંપ્યો. બહુ ડરામણી મેટ્રિકની પરીક્ષા આવી ને ગઈ ને બાએ પ્રસ્તાવ મૂક્યો :

'વહુને આણું કરીશું, ભાઈ?'

આણું? આ નિર્ધન ઘરમાં? જ્યાં બે માનવજંતુ માંડ માંડ ગાડું ગબડાવ્યે રાખતાં હતાં ત્યાં? ડોશી ઉપર મને રોષની એક લાગણી થઈ આવી. શું જોઈને આ ડોકરીએ મારા ગળામાં પા'ણો લટકાવી દીધો હશે? મને એ ભુલાઈ ગયેલી છોકરી પર ઘૃણા આવી.

'બા, આ ઘરમાં બેનોય માંડ સમાસ છે ત્યાં ત્રીજાને નોતરી શું કરીશ?'

'જોજે ને બેટા, એ તો આવીને ઘરને એક ખૂણે એવી સમાઈ જશે કે ખબરે નહિ પડે!' બા મંદ હસી : 'સ્ત્રીને સમાઈ જતાં આવડે છે!' અણગમાની એક લાગણી મારા દિલને ઘેરી વળી. મારી કલ્પનાને પાંખો આવતી હતી ત્યારે મારા ઉડ્ડયનને અવરોધે એવા કોઈની મારે જરૂર નહોતી. પેલી ગોળ ગુંબજોવાળી મહાશાળાઓમાં બેસી મારે વિદ્યાવારિધિમાં નાહવું હતું. એકાદ સ્કૉલરશિપ મને મળી જશે એવી મને આશા હતી. બાને મેં ઘસીને ના પાડી. બા મન મારીને બેસી રહી. મારી ધારણા સફળ નીવડી. પચીસેક રૂપિયાની સ્કૉલરશિપ મને મળી. સ્કૉલરશિપને સહારે હું કૉલેજમાં પ્રવેશ પામ્યો. મારા ગામના ગ્રામ્ય વાતાવરણમાંથી જાણે હું નંદનવનમાં આવી પડ્યો. દિલ ને દિમાગ મારાં તર થયાં ને હું જાણે હવામાં ઊડવા લાગ્યો. ગામડાના મારા ઘરની ગરીબી હું ભૂલી ગયો. મારી મર્યાદાઓ હું વીસરી ગયો અને તરંગોમાં વિહાર કરવા લાગ્યો. એ તરંગોમાંથી જાગું એ પહેલાં બાર મહિના પૂરા થયા. પરીક્ષા પતી. પાસ તો થયો, પણ સ્કૉલરશિપ ચાલી ગઈ! હવે નવું વર્ષ કેમ કાઢવું એ સંતાપ ઊભો થયો. ટ્યૂશન કે નાની નોકરી ખોળવા પ્રયત્ન

કર્યો પણ ભાગ્યે સહારો ન દીધો! આ ચિંતામાં જ ઘેર આવ્યો. ઘેર આવતાં જ ચમક્યો. બાએ આ વખતે મને પૂછવાનીયે વાટ નહોતી જોઈ. મારા આવતા પહેલાં જ યશોદાને તેડાવી લીધી હતી. મેં ઘરમાં પગ મૂક્યો ત્યાં જ ઘૂમટો તાણી તે ઓરડામાં દોડી ગઈ! ગામડાનું રોઝ સ્તો! ક્યાં મારી કૉલેજની સહાધ્યાયિનીઓ અને ક્યાં આ મારી કોટે જડેલી શિલા! મારા હૃદયમાંથી તિરસ્કારનું એક મોજું બહાર પડ્યું, મારી આંખો કૉલેજના એ માદક સૌંદર્યના ઝળહળાટથી અંજાયેલી હતી, તેથી યશોદાનું સીધું સૌંદર્ય મારી નજરે ચડ્યું નહિ. વૅકેશનના દિવસો લગભગ પૂરા થવા આવ્યા ને મારી ચિંતા વધવા લાગી. આગળ ભણવાની તમન્ના હતી પણ સાધન ક્યાંય પ્રાપ્ત થતું નહોતું. છેવટે વિચાર્યું જ કે ભણવાનું માંડી વાળવું. પણ મન માનતું નહોતું. જીવ ઉદાસ રહેતો હતો. મારી ઉદાસીનતા બાથી ખમાઈ નહિ.

'ભાઈ, નાથાકાકાને પૂછી જો, ઘર પર પૈસા ધીરે તો!' તેણે એક દિવસ કહ્યું. નાથાકાકા મારા પિતરાઈ કાકા ને પડોશી હતા. એમની આંખ આ ઘર પર જ હતી અને પોતાની પાંખ આ ઘર પર વિસ્તારવા ઉત્સુકતાથી રાહ જોઈ રહ્યા હતા. આટલા દિવસ તો બા સાચવી-સંભાળીને પાંખ નીચે દબાઈ નહોતી. પરંતુ આજે એ જ કાળમુખમાં દોટ મૂકવા એ તત્પર થઈ હતી.

બાપાને મરતાં પણ એ જ દહેશત હતી કે નાથો વહેલુંમોડું આ ખોરડું તેના ઘરમાં ભેળવી દેવાનો! મરતાં બાને કહે : 'જોજે હાં, નાથાનો ડોળો આ ખોરડા ઉપર છે! નહિ તો છોકરાને ઊભા રહેવાનું ઠામ નહિ રહે.' બાએ કહેલું : 'તમે તમારે ચિંતા કર્યા વિના ભગવાનનું નામ લ્યો! મારા દેહમાં જીવ હશે ત્યાં સુધી ખોરડું નાથા મોટાની તળે નહિ જવા દઉં!' બાએ મને આ વાત અનેક વાર કરેલી એટલે એની વાત સાંભળી મને આશ્ચર્ય થયું.

'પણ બા, એ તો હાથે કરી મગરના મોંમાં પગ મૂકવા જેવું

છે.' બા થોડી વાર ચૂપ રહી; એક બાજુ મરનાર ધણીની ભાળવણી અને બીજી બાજુ પુત્રના ભાવિ જીવનની ઉજ્જ્વળતાને એ પલ્લામાં તોળી રહી. તેના હૃદયમાં કેવો સંગ્રામ ખેડાતો હતો તેનો થોડો થોડો આછાયો તેના મોં પર પડતો હતો. તેની સામે જોતાં મારો ભણવાનો ઉત્સાહ મોળો પડતો હતો. થોડી વાર વિચાર કરતાં તેના મોઢા પર નિશ્ચયની રેખાઓ તરી આવી :

'ભાઈ, છેવટ તો એ ભાળવણી તારા કલ્યાણ માટે જ કરી હતી ને ? આ માર્ગે તારું વિશેષ કલ્યાણ થતું હોય તો કડવો ઘૂંટડો ગળ્યે જ છૂટકો !' કશોય નિર્ણય કર્યા વગર અમે તે રાતે ઊઠી ગયાં.

એકબે દિવસ વીત્યા. રાત્રે હું મોડો જ ઘેર જતો, જેથી બાની હાજરી ઘરમાં હોય જ ! ત્રીજે કે ચોથે દિવસે હું ઘેર ગયો ત્યારે યશોદાએ બારણું ઉઘાડ્યું. ચોકમાં બાનો ખાટલો ખાલી હતો. હું મેડીએ ચાલ્યો ગયો. મારી પાછળ જ દાદરો ખખડ્યો ! મેં જોયું તો યશોદા દાદરો ચડી રહી હતી. તે દાદરો પૂરો ચડે ત્યાં તો મારી કર્કશતા ગરજી ઊઠી :

'કેમ ?' યશોદા બોલી નહીં. ફાનસના એ ઝાંખા અજવાળામાં પણ તેના ધ્રૂજતા હોઠ હું જોઈ શક્યો. તેણે સોડિયામાંથી હાથ કાઢ્યો ને રૂમાલમાં વીંટેલું કંઈક મારા ખાટલા પર મૂક્યું. મને કંઈ સમજ પડી નહીં તેથી હું તાડૂક્યો :

'શું છે આ ?'

યશોદાએ ધ્રૂજતા હાથે રૂમાલની ગાંઠો છોડી. તેની સોનાની બંગડીઓ, પાટલા ને મગમાળા ફાનસના ઝાંખા પ્રકાશમાંય ઝળક્યા વિના ન રહ્યાં. મેં જરાક આશ્ચર્યમાં તેની સામે જોયું. યશોદા નીચું જોઈ ઊભી હતી. કપાળમાં મોટા હિંગળોકનો ચાંલ્લો હતો, જે કપાળ પર વળેલાં પ્રસ્વેદબિંદુઓથી ભીંજાઈ રહ્યો હતો. ઉમળકાની એક

ઝલક મારા હૃદયમાં પ્રગટી હોલવાઈ ગઈ, છતાં અવાજમાં પહેલાંની કર્કશતા ન આવી શકી.

'કેમ લાવી આ ?'

'મારે એની જરૂર નથી ! આટલાથી આ વર્ષે કૉલેજમાં નભી જવાશે !' કૉલેજનાં દ્વાર મારે માટે મને ઊઘડતાં લાગ્યાં અને એ ઊઘડતાં દ્વારમાંથી કૉલેજની એ માદક હવા આવી મને સ્પર્શી ! આ ગ્રામ્યનારી તેને ચાહવા માટેની આ લાંચ તો નથી આપતીને ? તેના અસૌંદર્યને, જડતાને આ સોનાના આવરણ નીચે ઢાંકી દઈ મારા હૈયે ચડી જવા તો નથી માગતી એ ? ને...ને મારામાં રહેલો પુરુષ ધૂણી ઊઠ્યો ! શું સ્ત્રીની દયા ઉપર હું મારી પ્રગતિનો પાયો માંડું ?

'લઈ જા એ, મારે તારા દાનની જરૂર નથી !'

'પોતાની વસ્તુ પોતે લે એને શું દાન કહેવાતું હશે ?' યશોદાએ મંદ સ્વરે કહ્યું. મને થયું સાચી જ વાત છે તો ? આમાં અમારા ઘરનું પલ્લું પણ હતું જ ને ? બાએ કદાચ પોતાનાં રહ્યાંસહ્યાં ઘરેણાં ભંગાવી વહુ માટે ઘડાવ્યાં હશે. મેં ઘરેણાં પર નજર ફેરવી, યશોદાના શરીર સામે જોયું, તેના શરીર પર નામમાત્ર ઘરેણું નહોતું !

'પણ પછી તું પહેરીશ શું ?'

'મારે પહેરવાં જ નથી ને !' તેણે મંદ હસતાં કહ્યું.

'અને કોણ જાણે કેટલાંય વર્ષ સુધી આ ઘરેણાં તને હું પાછાં નહિ અપાવી શકું.'

'મારે કરવાં છેય શું ? ઘરેણાં કદી હું પહેરવાની જ નથી !' મંદ હસતી તે દાદરો ઊતરી ગઈ. હું આશ્ચર્યથી જોઈ રહ્યો. શું આ આવેશ હતો કે પ્રતિજ્ઞા ? ચાલ હતી કે ત્યાગ ? હું કશો નિર્ણય ન કરી શક્યો. પરંતુ મારું સ્વાર્થી મન એનો ઉપયોગ કરી લેવા લલચાવતું હતું, જ્યારે એ પહેરવા જ માગતી નથી ત્યારે તે નકામાં પડી રહે તેમાં ફાયદોય શું ?

યશોદાનાં એ ઘરેણાં વેચાઈ ગયાં ને મેં કૉલેજની રાહ લીધી! યશોદાનાં ઘરેણાં વેચ્યાનો ખેદ કૉલેજના દરવાજામાં પેસતાં ઓછો થયો ને મંદાકિનીના સ્મિતભર્યા વદન સામે જોતાં અદૃશ્ય થયો. જીવનમાં આગળ વધવા માટે કોઈ કોઈનો ઉપયોગ કરી લેવો જરૂરી હોય છે. જીવનવિકાસ માટે યશોદારૂપી પ્યાદાનો ભલે ઉપયોગ થઈ જાય! ક્યાં આ નવયુગની અપ્સરા ને ક્યાં પેલું ગામડાનું...પણ હૃદયે જરા આંચકો ખાધો. એ વાક્ય પૂરું ન થઈ શક્યું. ખેર, જવા દો એ! પ્રથમ યૌવનનાં વર્ષો આંખ મીંચી ઉઘાડતાં વીતી જાય છે. આનંદ અને આરામ, અભ્યાસ અને વિનોદ, મજાક અને મંથનમાં વહેંચાયેલું એ વર્ષ પૂરું થવા આવ્યું. મારું મન ઇજનેરી તરફ આકર્ષાયું. પરંતુ પ્રશ્ન હતો પૈસાનો! ઘરેણાંના પૈસા પૂરા થવા આવ્યા હતા. તેથી ઘર વેચવા સિવાય બીજો રસ્તો નહોતો. તેથી બાને મેં કાગળ લખ્યો, ને નાથાકાકા સાથે વાટાઘાટ ચલાવવા લખ્યું! ઇજનેર થઈ કેવા સરસ બંગલા હું ચણાવી દઈશ અને કેવી આસમાની-સુલતાની કરી દઈશ તેના તરંગી સ્વપ્નવિહારો લખ્યા હતા. કાગળ લખ્યા પછી થોડા જ દિવસમાં બસો રૂપિયાનો મનીઑર્ડર મારા નામનો આવ્યો. સાથે યશોદાએ લખેલો એક કાગળ હતો. મારા કૉલેજમાં દાખલ થયા પછી યશોદાને નિશાળમાં શિક્ષિકાની નોકરી મળી ગઈ હતી. ઘરખર્ચ જતાં જે બચત થઈ હતી તે મનીઑર્ડરથી મોકલી હતી અને હવેથી દર મહિને પગારની પાંત્રીસ રૂપિયાની રકમ સીધેસીધી મને મોકલી આપશે ને ઘરખર્ચ ટ્યૂશન, ગાય વગેરેમાંથી પૂરું કરશે એમ લખ્યું હતું. સારું થયું. સોનાની મુરઘી મને મળી ગઈ...! યશોદાએ કાગળને છેડે બીતાં બીતાં જાણે લખ્યું : 'ક્યારે ઘેર આવશો?' ઘેર? શું દાટ્યું છે ત્યાં? કૉલેજના વિદ્યાર્થીઓએ દક્ષિણ ભારતનો પ્રવાસ યોજ્યો હતો...મંદાકિની જશે, સુલોચના જશે, બકુલા તો હોય જ! પછી હું જ શું કામ બાકી રહું? બસો તો આ સામે જ પડ્યા છે. પ્રવાસ એ કેળવણીનું મહત્ત્વનું અંગ

નથી શું ? ચાલો ત્યારે પ્રવાસે ! ઘેર જવા કરતાં એ જ વધારે ઠીક છે! ને યાત્રાની તૈયારી કરતાં કરતાં બાને લખી દીધું : 'અભ્યાસનો બોજો વધ્યો છે એટલે વૅકેશનમાં ઘેર નહિ અવાય !' એ જવાબ વાંચી યશોદાને, બાને શું થયું હશે તે અત્યારે કલ્પી શકું છું, પણ ત્યારે તો મારા મનના આનંદતરંગોમાં બીજાંનાં સુખદુઃખની કલ્પના કરવાની શક્યતા જ ક્યાં હતી ? કેટકેટલી ચીજો, જરૂરિયાતો ને આનંદ-સાધનો ખરીદવાની આકાંક્ષાઓને હણી હણી એણે આ રૂપિયા ભેગા કર્યા હશે; એ રૂપિયા સાથે કેટકેટલી ભક્તિ સીંચી એ રૂપિયા એણે મોકલ્યા હશે ! એ પુનિત સંચયના ઉપયોગથી મને યાત્રામાં આનંદ પણ એવો જ થયો. કન્યાકુમારીનું સૌંદર્ય, નીલગિરિની વનશ્રી, અજંતા-ઇલોરાનાં કલામંદિરો ને મહારાષ્ટ્રનાં ઐતિહાસિક સ્થળો નિહાળી અમે પાછાં આવ્યાં ત્યારે અત્યાર સુધી લગભગ અસ્પૃશ્ય રહેલી રૂપસુંદરીઓ જાણે સહચરી બની ગઈ હતી. વિજાતિનો સમાન ભૂમિકા પરનો સાહજિક સહવાસ કેવો આનંદઉત્સાહપ્રેરક છે તેનો અનુભવ થયો. મંદાકિની મારી પ્રેરણામૂર્તિ બની ચૂકી. અમારાં હૈયાં જાણે એકતાલે નાચવા લાગ્યાં. તેના સહવાસે મારી મહત્ત્વા-કાંક્ષાએ નવી કૂંપળો કાઢવા માંડી. મનમાં પરદેશગમનના વિચારો ઊઠવા લાગ્યા. આવા અનેક વિચારતરંગો સેવતાં સેવતાં પૂનાની વિશ્વકર્મા મહાશાળામાં પ્રવેશ મેળવ્યો. દર મહિનાની પાંચમી તારીખે મને પાંત્રીસ રૂપિયાનો મનીઑર્ડર મળતો. નીચેની કાપલીમાં શરીર સાચવવાની વેવલી માગણી હોય ! છેવટે તો મહેતીજી જ ના ? એક કે બીજે બહાને વૅકેશનમાં ઘેર જવાનું ટાળતો રહ્યો ! ગૃહસ્થી ને વિદ્યાર્થીજીવનનો શો રીતે મેળ પડે ભલા ? યશોદાની મૂક સેવા ને મારી નિષ્ઠુરતાથી ક્યારેક ક્યારેક દિલ ચચણી ઊઠતું. પરંતુ યૌવન-ના ઉન્માદના ઘૂઘવતા પૂરમાં એ એકલ ઝરણાનો સાદ ક્યાં સુધી સંભળાવાનો હતો ? બી. ઈ.માં પ્રથમ વર્ગમાં હું ઉત્તીર્ણ થયો ને અનેક કોલેજકન્યાઓ મારા શિર પર કળશ ઢોળવા ઉત્સુક થઈ બેઠી !

મંદાકિનીના પિતાનો અભિનંદનતાર અને પછી પત્ર આવ્યો ને તેમને તાત્કાલિક મળી જવા એમણે સૂચવ્યું. લક્ષ્મી ચાંદલો કરવા આવે ને હું કપાળ ધોવા જાઉં એવો મૂરખ ન હતો. મેં પહેલા ગાડી પકડી. તેમણે પ્રસ્તાવ મૂક્યો. મંદાકિની સાથે લગ્ન કરી લેવાં અને વિશેષ અભ્યાસ માટે અમારે બંનેએ સાથે જ ઇંગ્લંડ જવું. મંદાકિની તેમનું એક જ સંતાન અને વારસ હતી. આમ, યથેચ્છ કામિની અને કાંચનનો સુયોગ પ્રાપ્ત થતો હતો. મારા હૃદયે આનંદનો એક ઉછાળો માર્યો. પરંતુ એ ઉછાળા પર યશોદા ઊપસી આવી. મને ભયંકર ચીડ ચડી. આ શિલા મારે ગળે ક્યાંથી વળગી પડી ? કઈ કમભાગી પળે મેં આનો હાથ ગ્રહ્યો ? તેમણે પૂછ્યું :

'કેમ ગંભીર બની ગયા ? ક્યાંય બંધાઈ ચૂક્યા છો ?'

'ના, એવું કશું નથી ! પણ લગ્નના વિચારે કયો ચિંતનશીલ માનવી ગંભીર નહિ બને ?' મેં તરત જવાબ આપ્યો. પણ તેનું અસ્તિત્વ જાહેર કરવા જાણે યશોદા મારા હૃદયમાં ઉછાળા મારી રહી હતી. મારું ચાલત તો આ જ પળે તેનું ગળું મરડી નાખત ! આ પળે યશોદાનો છેલ્લો કાગળ મારા ગજવામાં હતો : 'તમે પહેલા વર્ગમાં પહેલા આવ્યા તે છાપામાં વાંચી બા ને હું તો ગાંડાં જ થઈ ગયાં ! છેલ્લાં ચાર વર્ષમાં એકે દિવસ તમે ઘેર આવ્યા નથી તેનું સઘળું દુઃખ હર્ષનાં આંસુ બની વહી ગયું. તપશ્ચર્યા વિના સિદ્ધિ ક્યાંથી મળે ? તમારી સફળતાની ઉષ્માએ અમારા નિષ્પ્રાણ બની રહેલા જીવનમાં પ્રાણ રેડાયો... તમારી સફળતામાં મારો પણ યત્કિંચિત્ ફાળો છે એ ભાને ગૌરવ અનુભવું છું ને ઈશ્વરને પ્રાર્થું છું કે તમારી પ્રગતિ આડે હું કદી અવરોધ ન બનું : ક્યારેક ક્યારેક તમારા માર્ગનો હું વિસામો બનું.' ને છેલ્લે છેલ્લે લખ્યું હતું : 'આટલે વર્ષેય હવે તમારાં દર્શનનો લાભ પામી શકીશ એ પરમ સૌભાગ્યનાં સ્વપ્નો માણી રહી છું. એ સ્વપ્નો સાકાર બનાવવા ક્યારે આવી પહોંચશો ?'

એ કાગળની એકેએક લીટી મારી નજર સામે તરી રહી. આ જ એ નારી હતી જેણે પોતાનાં બુંદ બુંદ સીંચી મને આટલે પહોંચવા-ની સુવિધા કરી આપી હતી, તેનું જ અસ્તિત્વ હું આજે ભૂંસી નાખું ? નહિ, નહિ, ગમે તેવી તોય મારી પ્રગતિની એ પ્રાણ છે. મારા ભવિષ્યની મંજિલ મેં આજ સુધી એ જ પાયા પર માંડી છે. રાવબહાદુરની મંદાકિની ને તેમની સંપત્તિ તેમને જ મુબારક હો ! હું કોઈ નાચીજ પ્રાણી તો નથી. હુંય મારા ભાગ્યનો સ્રષ્ટા છું. મારા દુઃખમાં સહારો આપનાર એ નારીને મારા સુખની ઘડીએ જ વિસારી મૂકું ? સાચી હકીકત રાવબહાદુરને જણાવી દેવી એવો મેં મન સાથે નિશ્ચય કર્યો, ત્યાં જ નોકર પાસે નાસ્તો ને ચાની ટ્રે ઉપ-ડાવી મંદાકિનીએ પ્રવેશ કર્યો. ઓહ, આજે આને શું થયું છે ? તેનું સૌંદર્ય જાણે સહસ્ર કળાએ આજે ખીલ્યું છે. કુબેરના સુવર્ણસરના કમળ જેવાં એનાં નયનોમાંથી યૌવનનો ઉન્માદ અને રસ ટપકી રહ્યાં હતાં. મંદ સ્મિતમાં મરકી રહેલા એના અધરોષ્ઠ મનસિજના ધનુષ્ય-નું સ્મરણ કરાવતા હતા, તેના સ્વરમાં પુષ્પધન્વાનું ઘેરું આમંત્રણ હતું. તેના પિતાની હાજરી ભૂલી હું તેને ક્ષણેક જોઈ રહ્યો. સર-સામાન ટેબલ પર મુકાવતાં તેણે કહ્યું :

'તમારી મંત્રણામાં મેં ખલેલ તો નથી પહોંચાડીને ?'

'મંત્રણામાં મંદાની જ ખામી હતી,' રાવબહાદુરે મંદ હસતાં કહ્યું. મારો નિર્ણય સરી જતો લાગ્યો. મારી 'ફર્સ્ટ કલાસ' બુદ્ધિ કૂદીને કહેવા લાગી : 'વેવલાઈ કર મા હૃદય ! તું તો સદાયનું પોચકું છે. મંદાનો હાથ ગ્રહવામાં જીવન કેવું ઉજ્જ્વળ, ઉન્નત, રમ્ય બની જશે તેનું તને ભાન છે ? હૃદયનેય એ વાતમાં રસ પડ્યો ને મંદાના સૌંદર્યરસનું પાન કરવા લાગી ગયું. તેનો વિરોધ તો શમી જ ગયો, ઊલટું એ તો ઝટ ઝટ મંદાનું પાણિગ્રહણ કરવા ઉત્સુક થઈ બેઠું.

'તમારે કોઈને પૂછવાપણું છે ?'

'ના ના ! મારે કોઈ નજીકનાં સગાંસંબંધી જ નથી. પછી કોને

પૂછવાનું હોય ?' સ્પેશિયલ મૅરેજ ઍક્ટ મુજબ અમે લગ્ન કર્યાં અને સોહાગકાળ ગાળવા અમે દાર્જિલિંગ ગયાં. આનંદ, આનંદ... પરમાનંદ ! યોગીઓ સમાધિનો આનંદ વર્ણવે છે તે કદાચ આવો જ હશે ! અખંડ આનંદમાં સ્વને ભૂલી જવાય એ જ સમાધિ ! દોઢ માસે આ સમાધિકાળ પૂરો થયો ને પ્રયાણ માટેનાં ચોઘડિયાં વાગવા લાગ્યાં. ઇંગ્લંડની એન્જિનિયરિંગ કૉલેજમાં મને પ્રવેશ મળ્યો હતો. મંદાએ શું કરવું એ તેણે ત્યાં જઈ નક્કી કરવું એમ ઠરાવ્યું. પૂના કૉલેજમાં પડેલો મારો સરસામાન લઈ આવવા માટે હું પૂના ગયો ત્યારે રૂમમાં યશોદાનો કાગળ પડ્યો હતો. સહેજ ચીડ ને ઉદ્વેગથી મેં કાગળ ફોડ્યો તો યશોદાના કાગળ અને ઇલસ્ટ્રેટેડ વીકલીમાં મારી અને મંદાની છપાયેલી સહછબીની કાપલી નીકળી ! તેણે લખ્યું હતું : 'તમારા ઘેર આવવાના ભણકારા હરપળ કાનમાં ઊઠી રહ્યા હતા ત્યારે કદી નહિ ને તે જ દુર્ભાગી દિને ઇલસ્ટ્રેટેડ વીકલીનાં ચિત્રો જોવાનું મને મન થયું. ચિત્રો જોતાં નવલગ્નાંકિત દંપતીઓનાં ચિત્રો નજરે પડ્યાં અને તેમાં આ સાથે કાપી મોકલેલ ચિત્ર પણ હતું. તમારા ફોટા સામે નજર પડતાં જ હૃદયના ધબકારા વધી ગયા. પૃથ્વી ચક્કર ચક્કર ફરતી લાગી. આંખે અંધારાં આવ્યાં ને પડતાં બચવા મેં ખુરશીનો હાથો પકડી લીધો. મને કહ્યું : 'એ ન હોય ગાંડી, સરખા ચહેરાવાળાં માનવીનો આ દુનિયામાં શું દુકાળ હશે ?' મારું હૃદય પોકારી ઊઠ્યું : 'ખરેખર એમ જ હો, એમ જ હો !' મેં આંખ ઉઘાડી ! નામ વાંચી શકું એટલું અંગ્રેજી જ્ઞાન તો મેં મેળવ્યું છે. નીચે જ તમારો પરિચય હતો. સરખા ચહેરાનો અકસ્માત હોઈ શકે પણ પિતાના નામ સાથે પોતાનું નામ અને અટક પણ એક જ હોવાનો અકસ્માત તો અદ્ભુત કહેવાય. વળી તમારા નામરૂપવાળો માનવી પાછો આ જ સાલ બી.ઈ.માં પ્રથમ આવે એ તો ન ભૂતો ન ભવિષ્યતિ ! હવે કોઈ મનમનામણાંને સ્થાન નહોતું... વજ્રઘાત જેવા એ સમાચાર હતા. છતાં લોહીમાંસનું બનેલું આ પાષાણ હૈયું

હજીયે ધબકી રહ્યું છે, કોણ જાણે કયા સુખની આશાએ... સ્વામી, એવો તો શો ગજબ ગુનો મેં કર્યો છે કે તમારા હૃદયમાંથી વાળી-ઝૂડીને મને બહાર ફેંકી દીધી?... ગુનો કર્યો છે. ગજબ ગુનો કર્યો છે મેં! તમારી સહચરી બનેલી રમણી સમી હું લાવણ્યમયી નથી, તેના પિતા જેવા મારા પિતા ધનાઢ્ય નથી, કોલેજની કોઈ ઉપાધિ મેં મેળવી નથી. આ ગુના શું ઓછા છે? પણ... સ્વામી, એમાં મારો કોઈ દોષ નથી. મેં તો તે અંધારી રાત્રિએ અર્ધજાગ્રત-અર્ધનિદ્રિત અવસ્થામાં તમારો હાથ ઝાલ્યો તે ક્ષણથી જ તમને ચાહ્યા છે અને આ ઘૃણિત અપમાનિત જીવનના અંત સુધી તમને ચાહતી રહીશ, રોતી રહીશ, હા, રોતી રહીશ, અપમાનના તાપે શેકાતી રહીશ. હૃદય રોઈ રહ્યું છે, આંખો ચૂઈ રહી છે, દેહનો અણુ અણુ પોકારી રહ્યો છે, 'સ્વામી, સારું ન કર્યું તમે! સારું ન કર્યું.' પણ તમારા જીવનના આ શુભમંગલ દિવસોમાં હું શાપ નહિ ઉચ્ચારું... તમે લાખ ઇન્કાર કરો તોય તમે મારા સ્વામી છો અને સ્વામીનું અમંગળ કઈ આર્યનારી વાંછશે? દુઃખથી સભર ભર્યા હૃદયના દુઃખપૂર્ણ ઉછાળાને દબાવી મારું અંતર પ્રાર્થે છે: 'શુભ હો, કલ્યાણ હો, સ્વામી, તમારો સુખમાર્ગ નિષ્કંટક હો!'... વાંચ્યું કે વિશેષ અભ્યાસ અર્થે પરદેશ જઈ રહ્યા છો. જાઓ, સુખે જાઓ, પણ આ અભાગિનીની એક યાચના સ્વીકારતા જાઓ! યાચના કરું છું, મારે માટે નહિ, મારા જ જેવી એક અભાગિની વૃદ્ધાને માટે કે જેણે વર્ષોથી એકના એક પુત્રનું મુખ જોયું નથી. જતાં પહેલાં એક વખત બાને જરૂર મળી જાઓ! બાને મેં વાત કરી નથી. તે તો તમારા આવવાની અને અમને સાથે તેડી જવાની રાહ જોઈ બેઠાં છે. તમે ક્યારે આવશો તે અગાઉથી જણાવશો તો તેટલા દિવસ માટે હું બીજે ક્યાંય જતી રહીશ, જેથી મારું મોં તમારે ન જોવું પડે! અભાગિનીનું આટલું તો માનશો જ!'

મનને દુઃખ થયું, અનિચ્છાએ આંખમાંથી બેચાર આંસુ પડયાં, થયું

કે ઊભો ઊભો મળી આવું. પણ હવે હું ખૂબ આગળ નીકળી ગયો હતો. મારું પ્રથમ લગ્ન મેં છુપાવ્યું જ હતું, માની હયાતીય છુપાવી હતી. હજી આવી અપકવ સ્થિતિમાં એ હકીકત છતી થાય એ અનિષ્ટ-પ્રેરક હતું. હરેક સ્થિતિમાં માત્ર બુદ્ધિથી જ કામ લેવું જોઈએ અને મારી 'ફર્સ્ટ કલાસ' બુદ્ધિએ એ પ્રમાણે જ કામ કર્યું. લાગણી-વેડામાં તણાયા વિના જ એ કાગળના ટુકડા કરી ફેંકી દઈ હું મારા કામે લાગી ગયો અને એક શુભ દિને અમારું નૌકાયાન ઈંગ્લંડની દિશામાં આગળ વધી રહ્યું... અમારો ઈંગ્લંડનિવાસ સુખદ નીવડ્યો... વર્ષો વીત્યાં. મને ઇજનેરીની સર્વશ્રેષ્ઠ પદવી પ્રાપ્ત થઈ. મંદાએ શિક્ષણશાસ્ત્રની સર્વોચ્ચ પદવી મેળવી. આ વર્ષો દરમ્યાન યશોદા અને બાની સ્મૃતિ ઝાંખી થઈ ગઈ. પરંતુ ભારતનો સાગર-કિનારો જેમ જેમ નજીક આવતો ગયો તેમ તેમ યશોદા અને બાની છબીઓ સ્પષ્ટ થતી ચાલી! શું થયું હશે? બા હયાત હશે? યશોદા? મારી 'ફર્સ્ટ કલાસ' બુદ્ધિએ ફરી હડસેલો માર્યો ને બન્નેને મગજના કોઈ અંધારા ખૂણામાં ધકેલી દીધાં. પંજાબમાં મારી ચીફ એન્જિ-નિયર તરીકે નિમણૂક થઈ. મેં નવી જગ્યાનો હવાલો સંભાળ્યો. પંજાબ સરકારમાં મંદા કેળવણી નિયામક નિમાઈ ગઈ! વાહ, બધું જ સુખરૂપ પાર ઊતર્યું, હું મારી 'ફર્સ્ટ કલાસ' બુદ્ધિને અભિનંદી રહ્યો. સુખ, સમૃદ્ધિ, કીર્તિ બધું જ પ્રાપ્ત થયું, હવે?... હવે? મારી 'ફર્સ્ટ કલાસ' બુદ્ધિ બોલી રહી: 'હવે સૌરાષ્ટ્રના પેલા અંધા-રિયા ગામડાના બ્રાહ્મણવાડાના ખૂણામાં બેઠેલી પેલી યશોદા નામની શિલા અને પેલી વૃદ્ધા પૃથ્વીપટ પરથી વહેલી તકે ભૂંસાઈ જાય તો નિરાંત!' મારી દુષ્ટતાથી હું જ ચોંકી ઊઠ્યો, પરંતુ મારી 'ફર્સ્ટ કલાસ' બુદ્ધિના દોરવ્યા જ દુનિયાના બધા બનાવ બનતા નહોતા. હું બેચાર દિવસથી ડિસ્ટ્રિક્ટમાં ગયો હતો, ત્યાં જ એક દિવસ મને મંદા તરફથી તાર મળ્યો: તુરત પાછા વળો (અં. કમ બૅક ઇમિ-જિએટલી). ચિંતાનું કયું કારણ ઊભું થયું તે સમજાયું નહિ. પણ

તત્કાળ પાછો વળ્યો. હૃદય જાણે રહી રહીને બેસી જતું હતું. મોટર બંગલામાં પેઠી ને મંદાકિની પોર્ચમાં દેખાઈ. ઓહ! મંદા સ્વસ્થ છે, પછી બીજું કયું ચિંતાનું કારણ? મોટરમાંથી ઊતરી હું ઉત્સાહથી આગળ વધ્યો. હાથ લંબાવી ઉચ્ચાર્યું: 'ડાર્લિંગ, ડિયરેસ્ટ. (પ્રિયતમે)' પણ મંદાએ કંઈ ઉત્સાહ ન બતાવ્યો. તે પાછી વળી ઓરડામાં ચાલી, મેં પાછળ જતાં કહ્યું: 'થયું છે શું મંદા? પપ્પાજીની તબિયત તો સારી છે ને? કંઈ સમાચાર છે?'

'પપ્પાજી તો મજામાં છે, પણ તમારાં મમ્મી મરણપથારીએ છે અને તમારાં પત્ની તમને પહેલી 'પેસેન્જર'માં તેડાવી રહ્યાં છે!' મંદાએ ચીપી ચીપી લહેકારીને ઉચ્ચાર્યું. ઓચિંતો ડાયનેમાઇટનો ભડકો મારા પગ આગળ થયો હોત તોપણ હું આટલો ન ચોંકત! મંદાએ ધીરે ધીરે કબાટનું ડ્રોઅર ઉઘાડ્યું ને મારા હાથમાં એક કવર મૂક્યું, ભેદ ખૂલી ગયો. મન બોલી ઊઠ્યું, 'હત સત્યાનાશિની, મારું સત્યાનાશ કરીને જ તું જંપીશ?' કાગળ ફોડ્યો: 'સ્વામી! 'સ્વામી' સંબોધન કદાચ તમને નહિ ગમે છતાં મારો એટલો અધિકાર હું જવા દેવા નથી માગતી. આપ સુખરૂપ પરદેશથી આવી ઘણી ઊંચી પદવીએ પહોંચ્યા છો એ છાપાથી જાણી મને ખૂબ આનંદ થયેલો. બાને? બા તો થોડેઘણે અંશે સુખદુ:ખથી પર બન્યાં છે; કારણ એ ઘણાં વર્ષથી અર્ધપાગલ બની ગયાં છે. પણ બાની એ બધી વાતો વાંચવાની તમને નવરાશ ક્યાંથી હશે?... બાની આ આખર માંદગી છે. પથારીમાંથી ઊઠી શકતાં નથી. પથારીમાં સૂતાં સૂતાં પીઠમાં પાઠાં નીકળ્યાં છે ને દિવસો સુધી બેભાન રહે છે. છતાં જીવ છૂટતો નથી. મને લાગે છે કે, તેમનો જીવ તમારામાં ભરાઈ રહ્યો છે ને તમને જોયા વિના એ સુખેથી મરી નહિ શકે. તેથી નાછૂટકે આ કાગળ લખું છું. એક જ પુત્રની એ નિરાધાર મા માટે કંઈ મમતા બાકી રહી હોય તો કાગળ મળે તુરત અહીં આવશો.'

તા. ક. – માં લખ્યું હતું: 'હું તમને બાંધી નહિ લઉં તેની ખાતરી

રાખશો. તમે ક્યારે આવશો તેની ખબર આપશો તો એટલો વખત બીજે જતી રહીશ એમ તો આ વખતે નથી લખી શકતી; કારણ જેના સહવાસમાં જુવાનીનાં આ કપરાં બાર-ચૌદ વર્ષ ગાળ્યાં તેની આખર ક્ષણે તો અળગી ન થઈ શકું તો એટલો ગુનો દરગુજર કરશો. લિ. તમે ઇચ્છો કે ન ઇચ્છો તોય સદાની તમારી યશોદા !'

મારો મનોવ્યાપાર જડ બની ગયો હતો. થોડી વારે મોટરનું ભૂંગળું વાગ્યું. મંદા તે તરફ ગઈ. મેં કુતૂહલથી ડોકિયું કર્યું. ઓહ ! રાવબહાદુર ! મંદા તેમની પાસે પહોંચી ગઈ ને ધીરે ધીરે કંઈ વાત કરવા લાગી. મેં ડોકું અંદર લઈ સોફામાં પડતું નાખ્યું, ને પગરવ સાંભળવા કાન માંડ્યા. પગરવ ધીરે ધીરે મારા ઓરડા તરફ આવતો હતો, પછી વળાંક લીધો. રાવબહાદુર બીજા ઓરડામાં ચાલ્યા ગયા હતા. મૂઢભાવે હું બેઠો રહ્યો ને ક્યારે ઊંઘી ગયો તેનું ભાન રહ્યું નહિ. જાગ્યો ત્યારે ઓરડામાં અંધારું હતું. ઊભા થઈ મેં બતી કરી. બહાર આવ્યો તો સ્ટૂલ પર બેઠો બેઠો અમારો દરવાન ભવાન ઝોકાં ખાતો હતો. અવાજ થતાં તે જાગ્યો ને કહે :

'ખાના રસોઈઘરમેં તૈયાર હૈ ! ભટ બહુત દેર તક રાખ દેખ કર અભી ગયા ! ખાના યહાં લાઉં ?'

'તુમારી મેમસા'બ ?'

'વે તો દુપહરકો ચલી ગઈ અપને બાપુજીકે સાથ !'

'કહાં ?'

'અભી તો ડાકબંગલેમેં ઠહરી હય. ઔર દુસરે બંગલેકા ઇંતેજામ ભી કર રહી હૈ ! ઔર...ઔર...'

'ઔર ક્યા ? બોલ દો ના !'

'ઔર પુલીસકે આદમી આપકા ઇંતેજાર કર રહે હૈં !'

'પુલીસકા આદમી ? મેરા ઇંતેજાર ?'

'જી હાં ! દેખીયે ના યે લોગ આ ગયે !' એક સબ ઇન્સ્પેક્ટરે બે કોન્સ્ટેબલો સાથે પ્રવેશ કર્યો. લશ્કરી સલામ કરતાં તેણે ઘણા

વિનયથી કહ્યું : હું અત્યંત દિલગીર છું કે, મારે આપને દ્વિભાર્યાગમનના આરોપસર પકડવા પડે છે! (અં. આઈ રિગ્રેટ ધૅટ આઈ હૅવ ટુ ઍરેસ્ટ યુ ફોર ધી એલેજ્ડ ઑફેન્સ ઓફ બાઈગમી) પડદો ખૂલી ગયો! મંદા, મંદા, આટલી ઉતાવળ! મંદાએ મારી વિરુદ્ધ દ્વિભાર્યાગમનની ફરિયાદ કરી હતી. વહેલી સવારે હું પાંચ હજારના જામીન પર છૂટી ઘેર આવ્યો. યશોદા...યશોદા...હવે તો તું જ મારી એક તારણહાર છો. પણ હવે એ માનશે ખરી? ધન્ય હો હિંદુ શાસ્ત્રકારોને! સ્વામીભક્તિના એવા મોટા મોટા જલદ ડોઝ આપ્યા છે કે, પુરુષની સ્વચ્છંદ પાશવતાના નેપાળા રેચોની પરંપરાએ પણ એ સ્વામીભક્તિ નિચોવાઈ ગઈ નથી. યશોદાને એ ડોઝની માત્રા વધારે અપાઈ ગઈ છે. જરૂર એ માનશે ને હું નિર્લજ્જ તેને કાગળ લખવા બેઠો! વર્ષો સુધી જેના સંબંધનો સ્વીકાર પણ કર્યો નથી તેની પાસે વિપત્તિમાં યાચના કરવા બેઠો. કાગળમાં બધી વિગત લખી પશ્ચાત્તાપનાં આંસુ સાર્યાં ને તેણે શું ભાગ ભજવવાનો છે તે પણ લખ્યું, 'પોલીસ કદાચ ત્યાં તપાસ માટે આવવા નીકળી ચૂકી હશે. મારી સાથે તારાં લગ્ન થયાં જ નથી એમ જો સાબિત થાય તો જ હું ઊગરી શકું! તારે માટે આ સૌથી જલદ ફટકો છે, કહે કે, વિષપ્રયોગ છે. પરંતુ તે સિવાય ઉગાર નથી. તેં એકદા ઇચ્છયું હતું, 'તમારા માર્ગનો કદીક કદીક હું વિસામો થાઉં!' હા, આજે હું તને મારો સદાનો વિસામો બનવા નિમંત્રી રહ્યો છું. વિસામો મળશે ને?' કાગળ લખીને હું જાતે જ રજિસ્ટર પોસ્ટથી રવાના કરી આવ્યો ને જરા સ્વસ્થ થઈ ડાકબંગલે મંદા ને રાવબહાદુરને મળવા ગયો. પણ રે ભાગ્ય! જેની સાથે જીવનનાં શ્રેષ્ઠ વર્ષોમાં એકાંતવિહાર કર્યો છે તેણે જ મળવાની ના પાડી! રાવબહાદુર તરફથી પણ એ જવાબ મળ્યો. બળબળતા હૃદયે હું ઘર તરફ વળ્યો. રસ્તે છાપાંના ફેરિયા બૂમો મારતા તડાકાબંધ છાપાં વેચી રહ્યા હતા : 'સારા શહરમાં મચી હુઈ હલબલી...ચીફ ઇજનેર સહાબકી

બીબીને અપને પતિકે સામને કિ હુઈ ફરિયાદ...સ્નેહલગ્નકા કરુણ વિચ્છેદ...રહસ્યમયી કહાની...' ઓહ! ઓહ! ક્યાંક ગાંડો થઈ જઈશ! ને મેં ડ્રાઇવરને હુકમ કર્યો :

'કાર જરા તેજીસે લે ચલો!'

પોલીસ તપાસને અંગે શહેર છોડવાની મને તાકીદ આપવામાં આવી હતી, તેથી અઠવાડિયા સુધી હું ન નીકળી શક્યો. આઠમે દિવસે મને બહારગામ જવાની છૂટ આપવામાં આવી. સદ્‌ભાગ્યે હવાઈ ટિકિટ મળી ગઈ. રાજકોટ ઊતરી ટેક્સી કરી ગામ જવા નીકળ્યો. મારી 'ફર્સ્ટ ક્લાસ' બુદ્ધિ મૂઢ બની ગઈ હતી. શરમ અને દુઃખભારથી મસ્તક લચી જતું હતું. જેમ જેમ ગામ નજીક આવતું ગયું તેમ તેમ શરમનો ભાર વધવા લાગ્યો. મા...મા...મા શું આ પાપિયાનું મોં જોવા રોકાઈ હશે? ને યશોદા? કેવી થઈ હશે? એ સચ્ચરિત્ર સન્નારી સામે હું શું મોં લઈ ઊભો રહીશ? મારી શરમ ને વિમાસણથી મોટરનો વેગ ઓછો ન થયો. મોટર ગામમાં પ્રવેશી. હા, હા, આ જ મારું ધૂળિયું ગામ. અકારણ અસ્પષ્ટ આનંદની એક લાગણી હૃદયમાં ઝબકી ઓલવાઈ ગઈ! મોટર મારા ઘરને બારણે જઈ ઊભી. પણ ઘરમાં કોઈ નહોતું. બારણે મોટું તાળું લટકતું હતું. પાડોશીઓએ કોઈએ મને ઓળખ્યો નહિ. બધાં ઘરમાંથી તીરછી નજરે જોતાં હતાં. પોલીસનું કોઈ લફરું નથી એમ લાગતાં કેટલાંક બહાર આવ્યાં.

'કોનું કામ છે ભાઈ?'

'યશોદાબાઈ અહીં નથી રહેતાં?'

'યશોદાબે'ન, તમારે શું કામ છે એમનું?'

'મને ના ઓળખ્યો? હું યોગેશ!'

'અહોહો યોગેશભાઈ! તમે ઓળખાણા જ નહિ બાપા! યશોદાબે'ન કોણ જાણે કેમ થોડા દીથી ઉપરવાસ રહેવા જતાં રહ્યાં છે.'

'ને મારી બા?'

'તમારી બા? તમને ખબર નથી, યોગેશભાઈ? આજે તેમની ટાઢી વાળી!'

રુદનનો એક ઉછાળો મારા હૃદયમાંથી બહાર આવ્યો. હું મોટરમાં બેસી ગયો. મોટર ઉપરવાસ વળી. એક માટીના ખોરડા પાસે જઈ મોટર અટકી. બારણું બંધ હતું. મેં જઈ સાંકળ ખખડાવી. અંદરથી ક્ષીણ અવાજ આવ્યો:

'કોણ હશે એ?'

મારાથી જવાબ ન દેવાયો! બારણાને મેં હડસેલ્યું, ખુલ્લું હતું, ઊઘડી ગયું. ઘરમાં મેં પગ મૂકયો. બારી પાસે પથારીમાં એક જીર્ણ સ્ત્રી સૂતી હતી. તેના વાળ પાકી ગયા હતા. ગાલમાં ખાડા પડયા હતા. મોટી આંખો ચકળવકળ થતી હતી. આ યશોદા? કોણ જાણે કયાં સંતાઈ રહેલો આંસુનો ધોધ વહી નીકળ્યો. હું એની પથારી પાસે બેસી પડયો. અત્યંત કષ્ટથી તે બેઠી થઈ. માથાનો છેડો સરખો કર્યો. તેનો જીર્ણ હાથ લાંબો કરી મારે ખભે મૂકયો:

'આવ્યા તમે? બહુ સારું થયું! હવે મારું મોત સુધરશે!'

'શું કહે છે તું યશોદા! હું તને મરવા નહિ દઉં!'

'મારે વિધવાને હવે જીવીને શું કામ છે?'

'વિધવા! વિધવા!'

યશોદાએ ઓશીકા તળેથી કાઢી એક કાગળ મારા હાથમાં મૂકયો. યશોદાની મૅજિસ્ટ્રેટ પાસેની જુબાનીની નકલ હતી. મારા ઉપરની ફરિયાદની તપાસ અર્થે મૅજિસ્ટ્રેટને મોકલવામાં આવ્યા હતા, ને તેમણે યશોદાની જુબાની લીધી હતી. બીજી અનેક પરચૂરણ હકીકતો સાથે યશોદાએ લખાવ્યું હતું: 'મારે યોગેશ હ. ઉપાધ્યાય સાથે કંઈ સંબંધ નથી. હું તો બાળવિધવા છું. હા, તેમને તે નાના હતા ત્યારથી ચાહું છું, આજેયે ચાહું છું, પરંતુ તેમણે કદી એ સ્નેહનો સ્વીકાર કર્યો નથી. હું મનથી તેમને મારા સ્વામી ગણું છું અને

સ્વામીભાવે સંબોધું છું. પણ એ તો મારી માનસિક સૃષ્ટિ છે, મારું માનસિક અવલંબન માત્ર છે, પાર્થિવ સૃષ્ટિ સાથે તેને કશો સંબંધ નથી. કોઈ કહેતું હોય કે તે મારા પતિ છે ને હું તેમની પત્ની છું તો તે સાચું નથી. મારી મૂર્ખતાને લીધે તેમને મેં કેવા દુઃખમાં મૂકી દીધા છે તેનું મને આજે ભાન થયું છે. તેમાં એમનો કશો દોષ નથી. તેમણે કદી કોઈ ગુનો કર્યો નથી. તે કરી જ શકે નહિ એવા નિષ્કલંક છે!...' હું આગળ વાંચી શક્યો નહિ. આ લખાવતાં યશોદા પર શું શું વીતી હશે! તેની મહાનુભાવતા અને મારી ક્ષુદ્રતા જોઈ હું સ્તબ્ધ થઈ ગયો. આ હતી ગામડાની ગ્રામ્ય નારી — જેની કુરૂપતા, ગ્રામીણતા અને કુસંસ્કારથી બચવા હું દૂર ભાગી ગયો હતો! હું છું સંસ્કાર અને સંસ્કૃતિનો અર્ક! હે પ્રભુ! આ પાપનું ઈ પ્રાયશ્ચિત્ત હશે ખરું! પશ્ચાત્તાપનાં આંસુ હું સારી રહ્યો. યશોદા જોતી રહી! જરા રહી બોલી:

'હું રોઈ શકતી નથી. મારાં આંસુ ખૂટી ગયાં છે!...ને હવે સમય થોડો છે...હું જાઉં છું... બાની ઉત્તરક્રિયા રૂડી રીતે કરજો! જીવતાં એનું અંતર ઠારી ન શક્યા પણ હવે તેના સંતપ્ત આત્માની શાંતિ અર્થે શ્રાદ્ધ કરજો... પેલા ઘડામાં તેમનાં ફૂલની પોટલી છે, તેને ગંગામાં પધરાવજો...' તેણે આંખો મીંચી... થોડી વારે કોઈ બીજી જ સૃષ્ટિમાંથી બોલી રહી હતી:

'આજે હું ખૂબ સુખી છું... દુઃખનો લવલેશ મારા અંતરમાં નથી. આજે સુખેથી તમારા ચરણમાં મસ્તક મૂકી હું જઈશ... જુઓ, પેલા દાબિયામાં હિંગળોક છે, સિંદૂર છે. આજે ઘણા દિવસથી મેં ચાંલ્લો કર્યો નથી! મારા કપાળમાં મોટો ચાંલ્લો કરો. તમને ન ગમે તોય કરો! ને મારા સેંથામાં સિંદૂર પૂરો...હું વિધવા નથી...હું વિધવા નથી, સૌભાગ્યવતી છું. અખંડ સૌભાગ્ય...' પણ એ વાક્ય એ પૂરું કરી શકી નહિ. હૃદય એ આવેશ સહન કરી શક્યું નહિ. તે ઢળી પડી. મેં તેનું મસ્તક ખોળામાં લીધું. જીવનમાં કદી તેના

મસ્તકે હાથ ફેરવ્યો નહોતો. આજે એની અંતિમ પળે સમસ્ત પ્રાણ અને દેહના નિર્મળ પ્રેમે તેનું મસ્તક પસવારી રહ્યો.

તેના નિર્મળ ચહેરા પર પરિતૃપ્તિનું મધુર હાસ્ય છવાઈ ગયું... હવે કદી એ પર ખેદની રેખાયે સ્ફુરશે નહિ.

વેળાવેળાની છાંયડી

શ્રી ચુનીલાલ મડિયા

એક વેળાના મોટા ને મોભાદાર ખોરડાની આબરૂ ઢાંકવાને કોઈ આરોવારો ન રહ્યો ને ઓતમચંદ જેવો ભડ વેપારી પણ આર્થિક ભીડમાં મતિ મૂંઝાઈ જતાં આંધળોભીંત થઈ બેઠો ત્યારે ચતુરસુજાણ લાડકોરે પતિને હિંમત આપી. 'તમે ચાર છોકરાના બાપ ઊઠીને આમ સાવ પોચા કાં થઈ જાવ? હોય ઇ એ તો. મલકમાં બીજા કોઈને વેપારમાં ખોટ નંઈ આવતી હોય? દુનિયા આખીમાં કોઈ દેવાળાં નહિ કાઢતાં હોય? વેપારધંધા કોને કિયે? આ તો તડકાછાંયા છે. કાલ સવારે છોકરાંના નસીબ ઊઘડશે તો પાછાં ખાતાં-પીતાં થઈ જાશું, દી આવતો થાશે તો ઇ જ અગાશીવાળી મેડી લઈ લેતાં કેટલી વાર?...'

ઓતમચંદ જાણે કશું સાંભળતો જ ન હોય એમ શૂન્યમનસ્ક બેઠો બેઠો, મહિને સવાબે રૂપિયાને ભાડે લીધેલા ધૂળિયા ખોરડાની ઊખડી ગયેલી ગારના પોપડા નખ વડે ખોતરી રહ્યો હતો.

પતિની મૂંઝવણ ઓછી કરવા લાડકોરે આજ ઉપરાઉપરી ત્રીજી વાર સૂચન કર્યું: 'તમે ઈશ્વરિયે મારા દકુભાઈ પાસે જઈને વાત તો કરો. તમારો હાથ પાછો નંઈ ઠેલે, હો.'

ઓતમચંદે ત્રીજી વાર પણ મક્કમતાથી ઇનકાર કર્યો: 'કોઈનું આપ્યું ને તાપ્યું કેટલા દી બેઠું રિયે?'

'પણ ક્યાં કોઈ પારકાં પાસે માગવા જાવું છે? આ તો મારો માનો જણ્યો દકુભાઈ —'

'ભાણુંની ભાંગે, ભવની નહિ,' ઓતમચંદે મિતાક્ષરી ઉત્તર આપ્યો.

'અટાણે તો ભાણુંની ભાંગે તોય ભગવાનનો પાડ માનવા જેવો સમો છે.' લાડકોરે ઘરની કંગાલિયત એક જ વાક્યમાં રજૂ કરી દીધી. પછી એનો વિગતે સ્ફોટ કર્યો: 'રાતે મનુડાને રોટલીને બદલે ખાખરો આપ્યો તી ભાવ્યો નંઈ ને ભૂખ્યે પેટે સૂઈ ગ્યો. ચંપલીને વાટકામાંથી બટકે ઘી ચડાવીને ખાવાની ટેવ, તી હવે કોળિયા ગળે ઠહકાય છે. શેજાદાઓને તમે ટેવું પણ બવ સારી પાડી છે.'

'બચારા ગભુડાં કાંઈ સમજે છે?' ઓતમચંદે સહાનુભૂતિથી કહ્યું: 'એક વાર તો શેજાદાથીય સવાયાં હતાં ને? આપણો સમો બદલ્યો એમાં એનો શું વાંક?'

'એટલે તો કહું છું કે બીજા કોઈ સારુ નંઈ તો છ પહુડાંની દયા ખાઈને પણ દકુભાઈને વાત કરો. સગો મામો ઊઠીને ભાણજાંવને ભૂખ્યાં નંઈ રે'વા દિયે. સાસ્તરમાં સો ભામણ બરાબર એક ભાણેજ કીધો છે.'

લાડકોરે 'મારો દકુભાઈ'ની જ્યારે મોંપાટ જ લેવા માંડી ત્યારે ઓતમચંદથી ન રહેવાયું. એણે હાથનો પોંચો સીવો કરીને પૂછ્યું: 'આ શું કહેવાય?'

'આંગળાં, બીજું શું?'

'ને આ? —'

'નખ, વળી.'

'બરાબર, પણ નખ આંગળાથી કેટલા છેટા છે? એટલામાં સંધુય સમજી જા.' ઓતમચંદે ભારેખમ મોંએ ચુકાદો આપી દીધો.

'તમે તમારી તો લાજ ખોઈ, પણ હવે મારી લાજ ખોવા બેઠા લાગો છો!' લાડકોરે છણકો કર્યો. 'મારો માનો જણ્યો દકુભાઈ

સગી બે'ન હારે આવી જુદાઈ જાણતો હશે ? તમે મારાં પિયરિયાંને સાવ ભૂખ્ સમજી બેઠા છો ?'

'ભગવાન કોઈને ભૂખ ન આપે !' ઓતમચંદે સ્વાનુભવથી દુઆ ગુજારી. પછી ઉમેર્યું : 'પણ હું તો એમ કહેતો'તો કે એવા પારકે ઘીએ ચૂરમાં થાય ખરાં ? માગતાં તો મુક્તાફળ મળે, પણ ભીખને માથે ભઠ.'

'વાહ રે તમારી શેઠાઈ ! સગા ભાઈ આગળ બે'ન હાથ લાંબો કરે એ તમારે મન માગ્યું કે'વાતું હશે ! અમે કળાયાં તો જીવીએ ત્યાં લગી ભાઈ પાસે માગીએ. અમારો તો લાગો લેખાય ને વળી મારા દકુભાઈનો હાથ તો હવે પો'ચતો થયો છે. આ બેપે તો મોલમિનથી ગાંહડાં ને ગાંહડાં ઢરઢી આવ્યો છ. દહકો આવતો થયો તો કેવો તરી ગ્યો, જોતા નથી ? મારી સમરથ ભાભીને તો સૂંડલે સોને પગથી માથા સુધી મઢી દીધી છ ને મારા ભત્રીજા બાલુ સારુ તો મોટા મોટા નગરશેઠિયાની છોકરિયુંનાં નાળિયેર ઉપરાઉપરી પછડાયાં કરે છ, ઇ તમે જાણો છો ?'

'હા, હમણાં ટોપરાંનું બજાર તેજ છે ખરું ! મને ખબર નહિ કે તારા દકુભાઈએ નાળિયેરનો ખેલો માંડ્યો છે !' આફત ને ચિંતાથી ઘેરાઈ ગયેલા ઓતમચંદમાંથી રમૂજવૃત્તિએ હજુ વિદાય લીધી નહોતી.

આમ મોડી રાત ધણીધણિયાણીએ ઈશ્વરિયે જવાની ચર્ચામાં વિતાવ્યા બાદ આખરે, લાડકોરનું મન સાચવવા તથા પરદેશની કમાણીથી શાહુકાર બનેલા સાળાનો દાણો દાબી જોવાના ઉદ્દેશથી ઓતમચંદ ઈશ્વરિયે જવા તૈયાર થયો. જામેલા વેપારના ચડતા દિવસમાં વછિયાતી ઉઘરાણી પાછળ જે ઘોડી પરથી જીન ન ઊતરતાં એ પવનવેગી 'ચંદરી'ને તો દેવાળું જાહેર થયા પછી લેણદારો જપ્તીમાં લઈ ગયા હતા. પગે પંથ કાપવાનો હતો. ઘરમાં ઘી જેવી ચીજનો તો સ્વાદ જ જાણે ભુલાઈ ગયો હતો, તેથી ગોળપાપડીનું ભાતું બાંધવાનો તો પ્રશ્ન જ નહોતો. એટલે સાથવાનો સૂકો ભૂકો

ને ગાળનો ગાંગડો બાંધીને ઓતમચંદે ઈશ્વરિયાનો કેડો લીધો.

સૂરજનો તાપ શું કહેવાય એની જેને જાણ નહોતી એ ઓતમચંદ આજે વખાનો માર્યો ટાંટિયા ઢસરડતો મારગ કાપી રહ્યો હતો. આખે રસ્તે, એક ફિલસૂફની પરલક્ષિતાથી પોતાના ભૂતકાળને એ વાગોળી રહ્યો હતો. જામતા વેપારની વધારે પડતી આશામાં પોતે જંજાળ વધારી મૂકી અને ઊંચી શાખ પર આવતી હૂંડીપત્રીઓનો કોઈ હિસાબ જ ન રહ્યો. પોતાની શાખ એવી તો જામી કે રાંડીરાંડો અને ધર્માદા સંસ્થાઓ પણ સલામતી ખાતર ઓતમચંદની જ પેઢીએ ધીરધાર કરવા લાગી. કમનસીબે દેશાવરની એક મોટી આસામી ડૂબી એમાં ઓતમચંદને ભારે ફટકો લાગી ગયો અને જંગી રકમ સલવાઈ રહી. કોઈ હાંડલાંફોડાએ લાગ જોઈને ગપ હલાવી કે ઓતમચંદ પાઘડી ફેરવવાના વેંતમાં છે. ઓતમચંદ પેલો ધક્કો તો ગમે તે જોગવાઈ કરીને ખમી જાત, પણ આ ગપ ઊડતાં બૅન્ક પર દરોડો પડે એમ પેઢી પર હૂંડીપત્રીવાળાઓનો દરોડો પડ્યો. દૂધચોખા અકબંધ રાખીને દેવાળું કાઢવાની કરામતોનો ઉદય થવાને હજી વાર હતી. ઇન્સોલ્વન્સી એક્સપર્ટ્સ(દેવાળા-નિષ્ણાતો)ની વિશિષ્ટ સેવાઓ હજી સરજાઈ નહોતી, એ જમાનાની આ વાત. ઓતમચંદે નેકીને નજર સામે રાખીને પહેલવહેલી પતાવટો તો વિધવાઓ ને ધર્માદા સંસ્થાઓની કરી, પણ પોતે એટલો બધો ઘેરાઈ ચૂક્યો હતો કે પહોંચી વળવું મુશ્કેલ હતું. 'ઘર, ઘરેણાં ને ઘાઘરી' એ કહેવતના ત્રણેય 'ઘ' વેચીને પણ ચુકવાય એટલું ચૂકવ્યું અને પછી ઠાસનાં થોડાં ઠોસરાં લઈને કૂબા જેવા ઘરમાં વાસ કર્યો.

'વેળા પડી છે ને !' ઓતમચંદ અંતર્મુખ બનીને વિચારતો હતો : 'વેળા કરે એવું કોઈ ન કરે...' અને તરત દકુભાઈનું ચિત્ર આંખ સામે ખડું થતાં એ માણસનો આખો ભૂતકાળ પણ ઓતમચંદની નજર સામે તરવરી રહ્યો. ઈશ્વરિયાના એક મેમણ શેઠિયાએ મોલમિનમાં ચોખાની મિલ નાખેલી, એમાં પેટવડિયા વાણોતર તરીકે

એ બેકાર માણસ બર્મા ગયેલો. અનેક કાળાંધોળાં કરીને દકુભાઈ શી રીતે આગળ આવેલો અને ભોળિયા શેઠિયાને ભોળવીને એક દાયકામાં દકુએ પેઢી પર કેવો હાથ મારેલો એ હકીકત ઓતમચંદ જાણતો હતો. એનું અણહકનું નાણું પોતાના ઘરમાં ન પ્રવેશે એની ઓતમચંદે આજ સુધી ભારે તકેદારી રાખી હતી. આજે લાડકોરે એને ધક્કો મારીને ઇશ્વરિયે મોકલ્યો હતો, એ બદલ ઓતમચંદ ક્ષોભ તેમ જ ભય બંને અનુભવતો હતો.

દકુભાઈએ જેનું નામ 'દીવાનખંડ' પાડ્યું હતું એ ઓરડો અત્યારે મહેમાનોથી ભરચક્ક હતો. બાલુનું નાળિયેર લઈને એક મોટા ગામના નગરશેઠ આવ્યા હતા. ઓરડાની સજાવટમાં દકુભાઈએ લગારે કચાશ રાખી નહોતી. બર્મી જીવનનું નાનુંસરખું પ્રદર્શન જ જાણે કે અહીં ગોઠવાઈ ગયું હતું. ભીંત પરનાં ચિત્રોમાં બર્મી નિસર્ગદૃશ્યો ને બર્મી રૂપસુંદરીઓ; ભોંયે બિછાવેલી જાજમ અને એની ઉપરનો ગાલીચો બર્મી બનાવટનાં; પાન-સોપારીની તાસક અને ડબ્બાનું નકશી-કામ પણ બર્માનું. કાચનાં કબાટમાં દેખાતાં કાષ્ઠ-કોતરકામનાં રમકડાંયે બર્મી. દકુભાઈના ભાવિ વેવાઈઓને આ ઝળહળાટે આંજી નાખ્યા હતા. દકુભાઈ વાતચીતમાં દર ત્રીજે વાક્યે હેન્ઝાડા, પ્રોમ ને આકયાબનો ઉલ્લેખ કરતા હતા. 'અમારે મોલમિનમાં —' એ એમનો જપતાલ હતો.

બદામપિસ્તાં અને ચારોળી મિશ્રિત કઢેલાં કેસરિયાં દૂધ કાચનાં કપરકાબીમાં ગોઠવાઈને આવ્યાં ત્યારે તો મહેમાનોના આશ્ચર્ય અને અચંબાની અવધિ આવી રહી. કુતૂહલથી જ પુછાઈ ગયું : 'દકુભાઈ શેઠ, આ ઠામ વળી કઈ ધાતુનાં ?'

'ધાતુ નથી; કાચ છે કાચ ! ફણફણતાં દૂધ રેડો તોય હાથ નો દાઝે !' દકુભાઈએ મોં પર આવશ્યક ભાર રાખીને કહ્યું.

કાઠિયાવાડમાં એકાદ-બે રેલવે જંકશનોના પહેલા-બીજા વર્ગનાં રિફ્રેશમેન્ટ રૂમ સિવાય બીજે કયાંય કાચનાં વાસણોનો વિસ્તાર

નહોતો વછ્યો એ દિવસોની આ વાત. મહેમાનનાં કુતૂહલનો પાર ન રહ્યો. સ્વાભાવિક શંકાથી જ પુછાઈ ગયું. 'મોઢે માંડવામાં ધરમનો કાંઈ બાધ નહિ ને ?'

આખા ઓરડાને ભરી દે એટલું બધું દકુભાઈ હસી પડચા. બોલ્યા : 'અમારે મોલમિનમાં તો કાચની જ થાળી ને કાજનાં જ કચોળાં. અમારે મોલમિનમાં તો કુલહોલ ઈંગ્લિશ સ્ટાઇલમાં જ રે'વાનું.'

મહેમાનોમાં સાપના કંડિયા જેવી આંટિયાળી પાઘડી બાંધીને બેઠેલા એક વૃદ્ધે આના પર ટિપ્પણ કર્યું : 'સાસ્તરમાં કીધું છે કે કળજગમાં જેના ઘરમાં સવાશેર કાંસું રહેશે એ શાવકાર કે'વાશે... હવે તો આ કાચનાં ઠીકરાં હાલી મળ્યાં છે, ઠીકરાં.'

દકુભાઈએ આ કથનનો જડબાંતોડ જવાબ આપ્યો : 'આ કાચ તો કાંસા કરતાં કચાંય મોંઘો છે, શેઠ !'

બરોબર આ વખતે દીવાનખંડના બારણામાં ઓતમચંદ આવી ઊભો. એના દીદાર એવા હતા કે ઘડીકમાં એને ઓળખવો પણ મુશ્કેલ પડે. પગપાળા કાપેલા લાંબા પંથે એના ઉઘાડા પગની ઘૂંટી સુધી ખેતરાઉ ધૂળના થથેરા લગાવી દીધા હતા. પેટમાં પડેલ વેંતએકના ખાડાને કારણે આંખો ઊંડી ઊતરી લાગતી હતી. દિવસોની વધેલી દાઢી ધૂળિયા મારગે રજોટાતાં આખો દીદાર વિચિત્ર દેખાતો હતો.

દકુભાઈ વેવાઈઓ સમક્ષ પોતાની સમૃદ્ધિ અને શાહુકારીનું વર્ણન કરી રહ્યા હતા એ જ ઘડીએ, દેવાળું કાઢીને દરિદ્ર બનેલા બનેવીએ બારણામાં દેખાવ દીધો તેથી દકુભાઈને એવી તો દાઝ ચડી ગઈ કે મૂંગી ચીડમાં એમની આંખો ચાર થઈ ગઈ. કૂતરું વડચકું ભરે એમ દકુભાઈ તાડૂકચા : 'ટાણું-કટાણું કાંઈ જુઓ છો, કે પથી હાલી જ નીકળ્યા છો ભાતું બાંધીને ?'

કઢેલા દૂધના કટોરાની જાફત જોઈને જ ઓતમચંદ ડઘાઈ ગયો હતો, એમાં દકુભાઈને મોંએથી આવો અણધાર્યો ટોણો સંભ-

ળાતાં એ ગમ ખાઈ ગયો. એની થાકેલી આંખો સાથે લાલ, પીળા ને વાદળી ત્રણેય મૂળ રંગોની મેળવણીઓ થવા લાગી.

દકુભાઈથી આ ટોણો મારતાં તો મરાઈ ગયો, પણ પછી એમને ભાન થયું કે ભાવિ વેવાઈઓ સમક્ષ પોતાનું આવું ઉદ્દંડ વર્તન ખાનદાનીના દેવાળામાં ખપશે. બનેવીએ તો આર્થિક દેવાળું કાઢયું છે, પણ હું સજ્જનતાનો દેવાળિયો પુરવાર થઈશ. તુરત એમણે બગડી બાજી સુધારી લેવા કહ્યું : 'ઓશરીમાં વિહામો ખાવ જરાક.'

ઓતમચંદ દીવાનખંડમાંથી પાછો ફરીને થાકચોપાકચો ઓશરી-માં બેસી ગયો. બેસતાં બેસતાં મનોમન ગણગણ્યો : 'વગર પૈસે ખાવા જડે એવી ચીજ તો એક વિહામો જ છે ને ?'

'વાણિયો ભારે હાથભીડમાં આવી ગયો બચારો.' મહેમાનોમાંથી એક જણાએ ઓતમચંદને ઓળખી કાઢતાં, દકુભાઈ સમક્ષ દિલસોજી વ્યક્ત કરી.

'હાથે કરીને હાથ ભીડમાં આવે એમાં કોઈ શું કરે ?' દકુભાઈ-એ જવાબ આપ્યો. પછી ઉમેર્યું : 'ગજું માપ્યા વિના મોટા વેપલા કરવા જાય પછી તો આમ જ થાયને ? આજ તો સહુને લખપતિ થઈ જાવું છે, પણ રૂપિયા એમ કયાં રેઢા પડયા છે ! આ અમે પંડયે કાચાં માથાં લઈને મોલમિન ખેડયું તંયે આ આવતો દી જોવા પામ્યા છંયે.'

ઓશરીમાં બેઠેલો ઓતમચંદ આ અપમાન બદલ સાળાને નહિ પણ પત્નીને દોષ દઈ રહ્યો હતો.

આજે બાલુના વેવિશળની ખુશાલીમાં લાપસી-ભજિયાંનું મિષ્ટાન્ન રંધાઈ રહ્યું હતું. રસોડામાંથી સમરથવહુ ચૂલે તવો મૂકીને ભજિયાં તળવાનું તેલ ઓશરીમાંના ખાણિયામાંથી કાઢવા હાથમાં બરણી લઈને બહાર આવી. ઓશરીમાં ઘૂડ-પંખીની જેમ બેઠેલા નણદોઈ પર નજર પડતાં એણે હાથએકનો ઘૂમટો તાણ્યો અને હળવેકથી ખાણિયા પરની પથ્થરની ચાકી ખેસવી, ઝટઝટ એમાંથી તેલની બરણી

ભરીને નણદોઈની હાજરીમાં શરમાતી-સંકોચાતી રસોડામાં દોડી ગઈ. કેડ સમાણા ઊંડા તેલના ખાણિયા પર ચાકી ગોઠવીને ફરી ઢાંકવા પણ એ ન રોકાઈ. એણે મનમાં વિચારેલું: 'પછી નવરી થઈશ ત્યારે ઢાંકી દઈશ.'

થોડી વારે બજારમાંથી બાલુ આવી પહોંચ્યો. એના બન્ને હાથમાં એકેકી ફાંટ હતી. એક ફાંટ એણે સીધી રસોડાના ઉમરા ઉપર ઠલવી. એમાંથી કેળાં, રીંગણાં, તૂરિયાં, અજમાનાં પાંદડાં વગેરેનો ઢગલો થયો. બીજી ફાંટ જરા ભારે વજનવાળી હોય એમ બાલુના મોંની તંગ રેખાઓ કહી આપતી હતી.

રસોડામાંથી તેમ જ દીવાનખંડમાંથી એકીસાથે સમરથવહુ તેમ જ દકુભાઈના અવાજો ઓતમચંદે સાંભળ્યા. સમરથવહુએ ધીમો છણકો કર્યો: 'મારા તવાનું તેલ બળી ગયું તંયે તું શાકપાંદડાં લઈ આવ્યો. એ હું કંયે એનાં પતીકાં કરીશ ને કંયે ભજિયાં ઉતારીશ!'

દકુભાઈએ પૂછ્યું: 'સોમેસર ગોરને બરકી આવ્યો?'

'આવું છું એમ કીધું.' બાલુએ જવાબ આપ્યો.

'એમ આવું છું નહિ ચાલે મારે ઘેર, કહી દે એને, આવવું હોય તો કંકાવટી લઈને અબઘડીએ જ આવી જાય. આ કંઈ નાતનાં લાહાં ખોરડાં માંઇલું ખોરડું નથી. જા ઝટ, ઊભાઊભ પાછો જા, ને એને ભેગો જ લેતો આવ્ય!'

દકુભાઈના શંકિત માનસમાં શંકા પેઠી હતી કે થનાર વેવાઈઓ સમક્ષ ઓતમચંદની દરિદ્રતાનું જે કમનસીબ પ્રદર્શન થઈ ગયું છે એ જોઈને વેવાઈઓ કદાચ બાલુ જોડે સગપણ કરવાનો નિર્ણય ફેરવી બાંધશે! 'સારા કામ આડે સો વિઘ્ન' એમ વિચારી, ઓતમચંદે ઊભા કરેલા વિઘ્ન બદલ એના પ્રત્યે મૂંગે મોઢે ચીડમાં દાંત કચકચાવતાં એણે આ શુભ કાર્ય ઝટપટ આટોપી લેવાનું નક્કી કર્યું.

બાલુ પણ કપાળ કંકુઆળું કરાવવાની યૌવનસહજ ઉત્સુકતાથી બીજી થેલી પટારામાં મૂકવા રોકાયા વિના ખાણિયા પાસે જ મૂકતોકને

જે ઝડપે આવ્યો હતો એથીય વધારે ઝડપે સોમેશ્વર મહારાજને તેડવા દોડયો.

દીવાનખંડમાં ખાલી થયેલા દૂધ-કટોરા ફરી ભરાતા હતા. દકુભાઈ મહેમાનોનાં કાંડાં મરડી મરડીને અને મીઠાં સમસગરાં દઈ દઈને દૂધ રેડાવી રહ્યા હતા.

આ બધા વાતાવરણે ભૂખ્યા-ડાંસ ઓતમચંદને ઓશરીમાં જાણે કે સો સો કીડીઓના ચટકા ભરાવ્યા. આ હીણપતભર્યા વાતાવરણમાં એક ઘડી પણ હાજર રહેવાનું અસહ્ય લાગતાં એ ઊભો થઈ, કોઈને પણ જાણ કર્યા વિના ડેલી બહાર નીકળી ગયો અને ઝડપભેર પોતાના ગામને કેડે ચડીને પંથ કાપવા લાગ્યો. થોડી વારે ઓશરીમાં 'વર વવ' કરીને ઝઘડતાં બે બિલાડાંઓએ એવી તો ધમાચકડી મચાવી મૂકી કે કશુંક પછડાવાનો ભફાક કરતોકને અવાજ ઊઠયો. દકુભાઈએ સોપારી વાંતરતાં વાંતરતાં રાડ નાખીને સમરથવહુને પૂછયું : 'એ... શું પડયું ?'

રસોડામાંથી જ સમરથવહુએ જવાબ આપ્યો : 'ઇ તો મીંદડેમીંદડાં વઢે છે, મુવાં...'

વાત વિસારે પડી.

શેંઢો નમતાં ઓતમચંદે અરધો પંથ કાપી નાખ્યો. કઢેલા દૂધની સોડમ નાકમાંથી દૂર થતાં લાડકોરે પ્રેમપૂર્વક સાથે બંધાવેલો સાથવો એને યાદ આવ્યો. નદીનું ખળખળિયું આવતાં ઝાડનો છાંયો શોધીને એણે સાથવો છોડયો. દકુભાઈના દીવાનખંડનાં દશ્ય પ્રત્યે ફિલસૂફની અદાથી હસતાં હસતા કળશામાં પાણી ભરીને એમાં ગોળ પલાળ્યો. શેકેલા લોટના ભૂકામાં ગળ્યું પાણી રેડીને કોળિયો ચોળ્યો ને ઘેઘૂર આંબલીને છાંયડે બેસીને પહેલો કોળિયો મોંમાં મૂકવા જાય છે ત્યાં તો પાછળથી કોઈએ બોચી પકડી. જોયું તો દરબારી ઘોડેસવારો ઊભેલા દીઠા ! ઓતમચંદ આ બધું સમજવા પ્રયત્ન કરે એ પહેલાં તો કોઈએ પાછળથી આવીને ઓતમચંદને અડબોથ મારી.

'સાલ્લા ચોરટા મલકના! પારકા ગામમાં આવીને આવા ગોરખ-ધંધા કર છ?' ગામનો પસાયતો કહેતો હતો.

'શું છે પણ, ભાઈસા'બ?' ઓતમચંદે પૂછ્યું: 'મારો કંઈ વાંકગનો?'

'વાંકગુનાની પૂંછડી! તારી વાણિયાગત અમારી આગળ નંઈ હાલે. સીધો થઈને રૂપિયા સંધાય ગણી દે.'

'શેના રૂપિયા? કોના રૂપિયા?'

'શાવકારની પૂંછડી થા મા, સાલ્લા ડફેર!' પસાયતાએ ઓતમચંદના પડખામાં ઠોંસો લગાવતાં કહ્યું: 'દકુભાઈની ઓશરીમાંથી કોથળી સોતા રૂપિયા...'

'હું નંઈ ભાઈસા'બ! તમે માણહ ભૂલ્યા...'

'હવે મૂંગો રે મૂંગો, માળા, અમને શીખવવા નીકળ્યો છ? અમારો ગુરુ થા છ?' હવે બીજા પસાયતાએ ગાલિપ્રદાન શરૂ કર્યું: 'નારુભા, આ પંડ્યે જ ચોર છે, ધોળા દીનો. દકુશેઠે દીધાં ઇ સંધાય એંધાણ સાચાં પડ્યાં: આ ચોમાહાની ધરો જેટલી દાઢી, આ કોરી ગજીનું કડિયું ને આ બગહરાની પછેડી...'

'તમારું ડાઇમાના દીકરાવનું ડા'પણ આ ડંગોરા પાંહે નંઈ હાલે હો!' નારુભાએ પોતાનું હથિયાર બતાવીને ઓતમચંદને ધમકાવ્યો: 'સીધો થઈને કોથળી સોંપી દઈશ તો સારો માણહ ગણીને અમે પોલીસ કેસ નંઈ થાવા દઈએ.'

'પણ કઈ કોથળી?'

'મારો દીકરો, સતનું પૂતળું થાવા જાય છે!' ઓતમચંદના વાંસામાં પસાયતાનો એક ગડદો અને પેટ પર પાટું પડ્યું અને એક ભૂખ્યા ને થાકેલા માણસના મોંમાંથી ઓયકારો નીકળી ગયો.

'બાલુભાઈ બચારો તને સાજાની માણહ ગણીને ખાણિયાની પાળે કોથળી મેલી ગયો ને તું બાપનો માલ ગણીને બગલમાં...'

'હું અડયો હોઉં તો મારા પેટના છોકરાના સમ...'

'હવે સમવાળી ! અમને આવું વાણિયા-સાસ્તર ભણાવવા નીકળ્યો છો ?' પસાયતાએ ગુસ્સે થઈને સીસાની કડિયાળી લાકડી ઓતમચંદને ફટકારી.

આ વખતે તો ઓયકારો કરવાની પણ એને શુધસાન ન રહી. એ ડોળા તારવી ગયો.

પસાયતાઓ ગાળભેળ અને ગઠ્ઠા-પ્રહારો સાથે પ્રશ્નો પૂછતા જતા હતા : 'નદીમાં કયે ઠેકાણે કોથળી દાટી છે, બોલ ! અમે અમારી મેળે ખોદી લઈશું, બોલ !'

પ્રહારો અને પ્રશ્નોનો એક અક્ષર સુધ્ધાં સાંભળી શકવાને ઓતમચંદ શક્તિમાન નહોતો. એ ઢગલો થઈ જઈને આંબલીના થડ નજીક ઢળી પડ્યો હતો.

લાઠીપ્રહારોને અંતે જ્યારે પસાયતાના જ હાથ દુખવા આવ્યા અને જ્યારે સમજાયું કે આમાં તો કંઈક આંધળેબહેરું કુટાયું છે ત્યારે બહુ મોડું થઈ ચૂક્યું હતું. ઓતમચંદ જરાય સળવળતો નહોતો. ગુનેગારને આવો ઢોરમાર મારવા બદલ આપણે જ ગુનેગાર ગણાઈશું એવો ભય ઊપજતાં પસાયતાઓ ઘોડે ચડીને ગુપચુપ ગામ ભણી વિદાય થઈ ગયા.

ઓતમચંદે આંખ ઉઘાડી ત્યારે તદ્દન અપરિચિત વાતાવરણ જોયું. પોતે ખાટલામાં પડ્યો છે. પાંગતે એક પડછંદ કાય માણસ બેઠો છે. બાજુમાં ગરવા મોંવાળી એક નમણી સ્ત્રી ઊભી છે.

'તમે કોણ ?...' મહામહેનતે ઓતમચંદે હોઠ ઉઘાડી બે શબ્દો ઉચ્ચાર્યા.

'અમને તો ક્યાંથી ઓળખો, શેઠ ! મારું નામ વાશિયાંગ. મારું ખાડું લઈને વીરડીમાંથી ગામઢાળો આવતો'તો તંયે ખળખળિયામાં ઢોરાં પાવા ઊભો ને તમને આંબલી હેઠાળ ભાળ્યા. નાકે આંગળી મેલી જોઈ, તો હાઉ ન હંભળાણો, પણ તાળવે તપાટ હતો એટલે જાણ્યું કે જીવ હજી તાળવે ચોંટ્યો છે. હું તો તમને ઝોળીએ

ઘાલીને ઘેર ઉપાડી આવ્યો — રામને લેખે.'

'તમે મને જીવતદાન દીધું, ભાઈ!' ઓતમચંદે અહેસાન વ્યક્ત કર્યો.

'મેં નંઈ; મારી આ ઘરવાળીએ.' વાશિયાંગે બાજુમાં ઊભેલી આહીરાણી તરફ આંગળી ચીંધતાં કહ્યું: 'હું તો દી ઊગ્યાથી આથમ્યા લગણ ધણ લઈને વગડે ભટકું. આણે જ, કૂકડી ઈંડું સેવે એમ, તમારી સેવાચાકરી કરી, તમારા દાંતની દાઢય વળી ગઈ'તી એમાં એણે ટોયલીએ દૂધ-પાણી ટોયાં. આજ આઠમે દી તમે આંખ ઉઘાડી ને અમારી મે'નત લેખે લાગી.'

આ અજાણ્યા ઘરની સેવા-શુશ્રૂષા પામ્યા પછી ઓતમચંદ હરતોફરતો થયો અને પોતાને ગામ જવા નીકળ્યો ત્યારે આહીરાણીને એણે માની જણી બહેન કરીને પોતાને ગામ આવવાનું ઇજન આપ્યું.

આહીરાણીએ કહ્યું: 'મારે સંધીય વાતે સુખ છે, પણ પિયરમાં માનો જણ્યો ભાઈ નથી, તમે મારા ધરમના ભાઈ!'

ઘેર પહોંચ્યો ત્યારે લાડકોરે 'મારા દકુભાઈએ શું દીધું?' એ પ્રશ્ન પૂછી પૂછીને ઓતમચંદની ગંધ કાઢી નાખી. દરેક વખતે એ પ્રશ્નને છેડે લાડકોર ઉમેરતી: 'પણ તમે આટલા બધા દી રોકાઈ કાં રિયા?'

'દકુભાઈ મને ખસવા દિયે તો આવું ને?'

'મારો દકુભાઈ વનેવિવેકે ઓછો નથી!'

'રોજ હું રજા માગું ને દકુભાઈ બારણા આડા ઊભીને મને રોકી દિયે...'

'મારો દકુભાઈ!'

'આઠમે દી તો હું માથું મારીને પરાણે નીકળી ગ્યો.'

'પણ તમને આપ્યું શું, એ વાત તો કરતા નથી!'

'ઘણુંય આપ્યું બચ્ચારે...'

'હું નો'તી કે'તી? મારો દકુભાઈ —'

'...પણ આપણા ભાગ્યમાં ન સમાણું...'

'એમ કેમ બોલો છો ?'

'હું રૂપિયાની કોથળી બાંધીને ગામમાંથી નીકળ્યો એનો કોક જાણભેદુએ વે'મ રાખી લીધો હશે. નદીને ખળખળિયે બે બુકાની-બંધા વાટ બાંધીને ઊભા'તા. મને ઢોરમાર મારીને સંધુંય આંચકી ગ્યા...'

'સાચું કિયો છો ?'

'આ જોઈ લે નજરોનજર, માન્યામાં ન આવતું હોય તો...' ઓતમચંદે કેડિયું ઊંચું કરીને વાંસામાં ને પડખામાં ઊઠેલી લીલી-કાચ ભરોડાનો દર્શનીય પુરાવો રજૂ કર્યો.

*

ચાર ચાર વર્ષનાં વહાણાં વાઈ ગયાં. બધી વાત ભુલાઈ ગઈ. ચાર વર્ષના ગાળામાં ઓતમચંદ આપબળે ઠીક ઠીક તરતો થઈ ગયો. ઉગીઉગાર મૂડીએ એણે ફરી વેપાર જમાવ્યો ને નસીબ આડેનું પાંદડું ઉડાડી મૂક્યું. લેણી રકમો ઓતમચંદે પાઈએ પાઈ ચૂકવી આપી અને ફરી વેપારી દુનિયામાં પૂર્વવત્ શાખ મેળવી લીધી.

ઈશ્વરિયેથી દકુભાઈએ બાલુના લગ્નની કંકોતરી મોકલી ત્યારે લાડકોર અર્ધી અર્ધી થઈ ગઈ. આ ચાર વર્ષમાં દકુભાઈ બર્માની એક બીજી ખેપ કરી આવ્યા હતા, પણ આ ખેપમાં નાણાંનો ઉસરડો કરી આવવાને બદલે ખોઈને આવ્યા હતા એમ ગામમાં સંભળાતું હતું. લાડકોરે પોતાના ભત્રીજાના લગનમાં મહાલવાની ધૂમ તૈયારીઓ કરવા માંડી. 'વરની ફઈ' તરીકેના પોતાના સ્પૃહણીય હોદ્દાથી એ એટલી તો સભાન બની ગઈ કે ચોવીસે કલાક 'ઈશ્વરિયું' ને 'મારો દકુભાઈ' સિવાય બીજું નામ એના મોંમાંથી નહોતું નીકળતું.

જે દિવસે લાડકોર તથા છોકરાંઓ લગનિયાં બનીને મામાને ગામ જવા ગાડામાં બેઠાં, તે દિવસે ઓતમચંદે છેલ્લી ઘડીએ જણાવ્યું કે તમે સહુ જાઓ, મારે વાગડિયા દરબારનો વજે જોખવા જવાનું

છે એટલે મારાથી નહિ અવાય. પણ લગનને દી અવાશે તો ઘોડીએ ચડીને આવી જઈશ.

ઘરઘરાઉ ગાડા ઉપર ગાડીવાને માફો નાખી છાંયો કર્યો અને લાડકોર તથા છોકરાં ઈશ્વરિયાને મારગે પડ્યાં.

લગનને આગલે દિવસે લાડકોર દકુભાઈના દીવાનખંડની ઓશરીમાં બેઠી બેઠી માથું ઓળાવતી હતી. પાછળ માંચી પર બેસીને સમરથવહુ નણંદના માથામાં ધુપેલ ચાંપતી હતી. ફળિયામાં જમણવારની તડામાર તૈયારીઓ થતી હતી. હોંશીલી ફઈએ ભત્રીજાના લગ્નને દિપાવવા આ ચાર દીમાં ભાતભાતનાં વડી-પાપડ વણી કાઢ્યાં હતાં. અત્યારે એ વડી-પાપડ ચૂલા પર તળાઈ રહ્યાં હતાં એ માટે મોટા જથ્થામાં તેલની જરૂરિયાત ઊભી થતાં ઓશરીમાંનો આખો ખાણિયો ઉલેચાઈ રહ્યો હતો. કંદોઈ તપેલાં ભરી ભરીને તેલ ઉલેચતો જતો હતો. એવામાં એક તપેલું કશાક જોડે ભટકાતાં અવાજ થયો ને એ ચમક્યો ! એણે ખાણિયામાં આખો હાથ નાખીને એક વજનદાર થેલી બહાર કાઢી અને ઓશરીની છો પર એ પછડાતાં ચાંદીના રૂપિયાનો મીઠો રણકાર સંભળાયો.

'ઓહોહો ! ભાભી, તમે તો ભારે નાણાંવાળાં લાગો છો !' લાડકોરે હસીને કહ્યું : 'આમ તેલના ખાણિયામાંય તમારે તો રૂપિયાની ખાણ્યું ભરી છે ને શું ?'

જવાબમાં સમરથ તરફથી કશું સંભળાયું નહિ, પણ એને સાટે ઉત્તરમાં ઊનાં ઊનાં બે આંસુ લાડકોર ઉપર પડ્યાં અને એ ચમકી. પાછળ જોયું તો ભાભીનું મોં કાળું ધબ્બ જોયું.

સમરથવહુએ રડતે અવાજે, તે દિવસે ઓતમચંદ પર વિતાડેલાં વીતકોની વાત પ્રામાણિકપણે અથેતિ લાડકોરને સંભળાવી.

'અ ર ર ર...મારા ધણી પર તમે આવાં આળ ચડાવ્યાં ?' મીંડલા ગૂંથાવ્યા વિના જ લાડકોર ઊભી થઈ ગઈ. 'સગે ભાઈએ ઊઠીને બે'નના વરને આવો ઢોર-માર મરાવ્યો ! ઇ ભાઈના પાણિ-

ચારાનાં પાણી મને નો કળપે. એના ઘરના અન્નનો દાણો મારે પરમાટી પરમાણુ...'

તુરત લાડકોરે પોતાના ગાડીવાનને ગોતીને ગાડું જોડાવ્યું અને છોકરાંઓ સાથે એમાં બેસી ગઈ, 'હાલો આપણે ગામ પાછાં.'

દકુભાઈએ બહેનનાં મનામણાં કરવામાં જરાયે મણા ન રાખી. છેલ્લા ઉપાય તરીકે એ ગાડા આડે સૂઈ ગયો પણ ખરો. પણ છંછેડાયેલી લાડકોર પીગળે એમ નહોતી. એણે તો સંભળાવ્યું : 'તારા ઉપરથી ગાડું હાંકી જાઉં તોય મને હત્યા નો ચડે. તું તો માણસ-માર છો !'

ભૂખી-તરસી હાલી નીકળેલી લાડકોરે ખળખળિયાને કાંઠે પહોંચીને પોરો ખાવા ગાડું છોડાવ્યું. ગાડીવાન બળદને 'ત્રાહે...ત્રાહે' કરીને પાણી પાતો હતો ત્યારે સામે કાંઠેથી મારમાર ઘોડીએ આવતા ઓતમચંદે ખડૂક કરીને પાણીમાં નાખી.

'કેમ પાછાં આવ્યાં ઈશ્વરિયેથી ?' ઓતમચંદે પૂછ્યું : 'તોરણ તો કાલ્યની તથ્યનાં છે ને ?'

'એનાં તોરણમાં લાલબાઈ મેલવી છે મારે ?' લાડકોરે કહ્યું : 'તમે તો મીંઢા, તી સદાયના મીંઢા જ રિયા ! મને સાચી વાત પણ કોઈ દી નો કરી ? નીકર ઇ રાખહ જેવા દકલાનું નામ પણ હું શેની લેત ?...'

'પણ છે શું આ બધું ?' ઓતમચંદ હસતો હતો.

'તમે તો સમંદર-પેટા, તી સંધુંય હસી કાઢો છો ! આવો ઢોર-માર મારનારને ઘેર પોતાની પરણેતરને તમારા જેવો ધણી જ મોકલે.' લાડકોરે રડતાં રડતાં તેલના ખાણિયાનો આખો પ્રસંગ અને સમરથવહુએ આપેલો અહેવાલ ઓતમચંદને કહી સંભળાવ્યો.

'હોય ઇ તો, એમ જ હાલે; તંયે આપણી દશા મોળી હતી; આપણા કરમનો જ વાંક—'

'હવે રાખો, રાખો, આવા માણસ-માર ભાઈને તો કાંધ કાપીએ

તોય ઓછું. આજથી મને નભાઈ થઈ ગણજો. ઈશ્વરિયાની દશ્ય આજથી દેવાઈ ગઈ ગણજો...'

'એમ ગણશું લે, હવે છે કાંઈ ?' ઓતમચંદ પોતાની આદત મુજબ ફિલસૂફની ઢબે હસતો હતો.

'પણ તમે અટાણે આણી કોર કયાંથી ? વજે તો વાગડિયા દરબારનો જોખવાનો હતો ને ?' લાડકોરે પૂછયું.

'વજે તો કોઈનો જોખવાનો નો'તો. મારે મારી બે'નને ઘેર લગનમાં જાવાનું હતું એટલે બા'નું કાઢયું.'

'કઈ બે'ન ? આંટલાં વરહ કોઈ દી નામ તો જાણ્યું નથી !'

'આહીં ભીમોદર રિયે છે. ચાર વરસથી જ નાતો થયો છે એટલે નામ કયાંથી જાણો ?' ઓતમચંદે કહ્યું : 'પણ હવે તો તમેય હાલો. બચારાં બહુ રાજી થાશે પોતાની ભોજાઈને જોઈને. આમેય લગનિયાં થઈને લગન ઊજવ્યા વિના ઘેર આવીએ તો અપશુકન ગણાય. હાલો, ગાડું ભીમોદરની દશ્યે વાળો.'

રસ્તામાં લાડકોર હજી રડતી જ જતી હતી અને ઓતમચંદ એની મીઠી મશ્કરી કર્યે જતો હતો.

'તારા એક ભાઈએ તારો ચૂડલો ભાંગવાનું કર્યું, બીજા એક ભાઈએ એ ચૂડલાની રખ્યા કરી...'

'કોણે ?'

'વાશિયાંગભાઈએ. એણે જ મને મરેલા જેવાને ઝોળીએ ઘાલીને ભીમોદરે આણ્યો ને આઠ દી લગી મારો ટલટપો રો કરીને બોલતો કર્યો, એને ઘેરે પણ કાલ્યની તથ્યનાં તોરણ છે.'

'જીવતો રિયે મારો વીર ! કોડ વરહનો થાય...'

વાશિયાંગની ડેલીમાં દાખલ થતાં જ આહીરાણીએ આવીને ઓતમચંદનાં દુખણાં લીધાં ને આઠે આંગળીએ ટાચકા ફોડતાં કહ્યું : 'સાચું વેણ પાળ્યું મારા વીર ! સમેસર પોગાડયાં. મામા વિના મારો બીજલ અણોહરો લાગતો'તો'. પછી વાશિયાંગ તરફ કરીને કહે : 'મારી

ભુજાઈને પણ ભેગાં લઈ આવ્યા છ.'

'તારી ભુજાઈ, ને મારી બે'ન !' વાશિયાંગે કહ્યું.

વળતે દિવસે, લાડકોરે બાલુ માટે ઘડાવી રાખેલાં ઘરેણાં બીજલને પહેરાવ્યાં ત્યારે એ જ સમયે, દકુભાઈ બાલુના સસરા જોડે ઝઘડતા હતા: 'દીકરી દીધા પછી પરણાવવી નથી, એમ ? છેલ્લી ઘડીએ છટકી જાઓ છો ?'

'તને દીકરી કાંઈ તાંબાને પતરે લખી નથી દીધી. મારી છોકરી-નો ભવ નથી બગાડવો, મારે.'

'પીઠી ચોળેલો વર પરણ્યા વિના પાછો ફરશે, એમ ?'

'ફરવુંય પડે.' વેવાઈ ટાઢાબોળ જવાબ આપતા હતા.

ચાર વર્ષ પહેલાં ચાંદલા કરતી વેળા દકુભાઈએ વેવાઈને બતાવેલી 'અમારા મોલમિન'ની કાચની સમૃદ્ધિ, બર્માની બીજી ખેપમાં નંદવાઈ ગઈ હતી એ હકીકતની જાણ થતાં બાલુભાઈની 'આવતી' વહુ સવેલી બીજે ઠેકાણે પરણાવાઈ ગઈ હતી !

બંકો

શ્રી સારંગ બારોટ

ખભે ગાંસડી ને હાથમાં ગજ લઈ એ ગલીએ ગલીએ ઘૂમતો. ઘૂમતો ને ગરજતો :

'ફએ...ન્સી...કાપ...ડ, એઈ આ... તરે'વાર કાપ...ડ.'

લોકો એને જોતા અને કહેતા : 'વખત વખતની વાત છે ભાઈ !' 'કિસ્મત કરે એ કોઈ ન કરે.' 'શા દિવસો આવ્યા છે બિચારાના !' 'ભાઈ, એ તો નિયતિચક્ર છે. આજે ઉપર તો કાલે વળી નીચે.' 'દેશદેશાવરમાં ડંકા વાગતા'તા બંકાના, પણ આજે શી દશા આવી છે ! શા દન આવ્યા છે !'

લોકો બોલ્યા કરતા અને એ જાણે જીવતરનું ગાંસડું ખભે નાખી દુનિયાને માપી લેવા ગજ હાથમાં લઈ નીકળ્યો હોય તેમ બેદરકારીથી ઘૂમતો રહેતો, ગરજતો રહેતો :

'એઈ આ ફએ...ન્સી કાપ...ડ, તરે'વાર કાપ...ડ.'

નામ એનું બાદર પણ સૌ એને બંકો કહેતા. મુસલમાનોના મહોલ્લામાં કોઈ એને 'બંકા બંબઈવાલા' પણ કહેતા. આજે તો બંકાની હાલત બિસમાર હતી, પણ હતી ત્યારે સારી એવી દોલત હતી એની પાસે.

પણ વખતની વાત વખત ખાઈ ગયો અને બંકો બેહાલ બની કાપડની ફેરી કરતો થઈ ગયો. બાકી જમાનો હતો એનોય. ઝાઝું ભણ્યો ન હતો, પણ વિદેશો સાથે વેપાર કરતો. અંગ્રેજી સાહેબોના સહવાસથી સારું બોલી જાણતો. લખવા-વાંચવાનો મહાવરો ઓછો,

પણ ખપ પૂરતું ભાષાજ્ઞાન એને હતું. આજે તો એ ભાષા અને એ બોલી મહાવરાને અભાવે ઠીક ઠીક પ્રમાણમાં ભુલાઈ ગયાં હતાં, પણ જમાનો હતો બંકાનોય.

બીજું વિશ્વયુદ્ધ શરૂ થયું ત્યારે બંકાના બાવીસ હજાર એક જર્મન પેઢીમાં સલવાઈ ગયા. એની પૂંજીમાંથી પાંચેક હજાર જ એની પાસે બાકી બચ્યા. એમાંથી થોડાક તો વકીલોની સલાહ પાછળ અને થોડાક આ રીતે અટવાઈ ગયેલી રકમનો દાવો નોંધાવતાં સરકારી અમલદારો પાછળ ખરચાયા. બાકી જે બચ્યું તેનાથી બંકાએ બેચાર નાનકડા ધંધા કરી જોયા. તકદીર સાવ રિસાઈ નહોતું ગયું એટલે જેમતેમ કરતાં એની પાસે દસેક હજારનો જીવ થયો. આ દસ હજારથી બંકામાં ફરી હિંમત આવી. એણે પંદર-વીસ હજાર રોકી શકે એવો એક કસદાર ભાગીદાર શોધ્યો અને લડાઈના દિવસોમાં જે જાતના ધંધા ધમધોકાર ચાલતા હતા તે ધંધામાં પડી ગયો. દસના વીસ થયા, વીસના પચીસ થયા, પચીસના પચાસ થયા, બંકાના જીવનમાં જાણે બહાર આવી ગઈ. પેલા બાવીસ હજાર જાણે શુકન જોઈને ગયા હતા. બંકાને હવે એ ખોટ કદી યાદ પણ આવતી નહિ.

પણ કાયદાથી મોં છુપાવી કાળા બજારનો ધંધો કરતા બંકાને એકાએક એના ભાગીદારે દગો દીધો. પૈસા ગયા, ઇજ્જત ગઈ, અને સરવાળે સાત મહિનાની સખત કેદની સજા ભોગવતાં બંકો ભાંગી ગયો. સાવ ભાંગેલી હાલતમાં એણે મુંબઈ છોડ્યું અને પોતાના વતનમાં એ પાછો ફર્યો.

ત્યાં વડીલોપાર્જિત મિલકતમાં એક ઘર હતું, માથું ઢાંકવા માટે એક છાપરું હતું. બીજે આખા વિશ્વમાં એને ક્યાંય એટલું પણ મળે તેમ ન હતું.

વતનમાં મોતી ખુશાલ બાદરનો સાખપડોશી. મોતી ખુશાલ પરગણાનો નામીચો કાપડિયો. બજારમાં એની મોટી દુકાન ચાલે. સુખસાહેબી અને ઇજ્જતમાં એક નંબર. ગામના થોડાક માલદારોમાં

એ અગ્રસ્થાને લેખાય. બાદરને અને એને ઝાઝું બનતું નહિ. કારણ કે મોતી ખુશાલની હવેલીની અડોઅડ ઊભેલું એનું ઘર વેચાતું લઈ લેવા ખુશાલકાકાના મોતિયાએ એક જમાનામાં સારા પ્રયાસો કર્યા હતા. બાદર વર્ષોથી વતન છોડી મુંબઈમાં વસવાટ કરતો હતો. આગળપાછળ કોઈ હતું નહિ એટલે બધાની માન્યતા હતી કે એ એનું જીવન હવે શહેરમાં જ વિતાવશે, વતનમાં આવશે નહિ. એની આર્થિક હાલતનો સાચો અંદાજ પણ બહુ ઓછાને હતો. બાદરનું ઘર બંધ પડ્યું હતું એટલે મોતી શેઠને હતું કે જ્યારેત્યારે એ ઘર પોતે ખરીદી શકશે. પણ એ માટે જ્યારે એમણે મુંબઈ પત્રો લખવા માંડ્યા ત્યારે બંકાએ ઘર વેચવાની કોઈ તૈયારી બતાવી નહિ. મોતી શેઠ પોતાના ઘરને મોટી હવેલીમાં ફેરવી નાખવા માગતા હતા અને બંકાનું ઘર મળી જાય તો નગરશેઠની હવેલી કરતાંય મોતી શેઠની હવેલી વધુ મોટી અને રોનકદાર બને તેમ હતું. મોતી શેઠના પત્રોનો બંકાએ કંઈ જવાબ આપ્યો નહિ ત્યારે એમણે મુંબઈમાં વસતા એમના એક સ્નેહી મારફત બંકાને રૂબરૂમાં કહેવડાવી જોયું અને પેલા સ્નેહીએ મોતી શેઠને વળતો જવાબ લખ્યો: 'એ તો કહે છે કે મોતી શેઠને એમનું ખોરડું વેચવું હોય તો હું મોં માગી કિંમત ચૂકવવા તૈયાર છું.'

બંકો જુવાનીમાં માથાભારે લેખાતો. એણે ગામ છોડ્યું ત્યારે એની ગણતરી તદ્દન ઉદ્ધત અને અવિચારી માનવીમાં થતી. મોતી શેઠ સાથે એને વિનાકારણ વેર બંધાઈ ગયું હતું. ગામના તમામ માલદાર અને ઇજ્જતદાર માણસોને એ દિવસોમાં બાદર પોતાના દુશ્મન લેખતો, કારણ કે એ બાપદાદાનાં ઇજ્જત કે ધન જાળવી શક્યો ન હતો. બાદરના પિતાની ગામમાં સારી સુવાસ હતી. પણ બાદર ગામનો ઉતાર લેખાતો હતો. કિશોર વયમાં પિતા ગુજરી જતાં બાદરના હાથમાં સારી એવી મિલકત આવી પડી હતી અને જોતજોતામાં ખોટી સંગતે ચડી એણે પોતાની હાલત કફોડી કરી

મૂકી હતી. આ સ્થિતિએ પહોંચ્યા પછી મોતી શેઠ જેવા આબરૂદાર માણસોને હલકા પાડવા અને પોતે કોઈથી ઊતરતો નથી એવી બડાઈઓ હાંકવી એ એની મુખ્ય પ્રવૃત્તિ થઈ પડી હતી. પણ આ પ્રવૃત્તિથી પેટ ભરાય તેમ ન હતું અને ગામમાં એને હવે કોઈ પાંચ પૈસાનુંયે ઉધાર આપવા રાજી ન હતું. એટલે એક વહેલી સવારે ઘરને તાળું મારી તકદીર અજમાવવા એણે મુંબઈનો રસ્તો લીધો હતો.

શહેર મુંબઈ બાદર જેવા જવાનોને કેટલીક વાર ઠીક ઠીક વહાલા કરી જાણે છે. બાદર મુંબઈમાં સમાઈ ગયો અને મુંબઈ બાદરમાં. મુંબઈની રોનક અને એ રોનકને માણનારાઓના વિચારોએ બાદરના મનનો કબજો લઈ લીધો. તકદીરને તરતું કરવાની અનેક તરકીબો એને એ શહેરમાં દેખાઈ. તરકીબો જે જે દેખાતી ગઈ તે તે એણે અજમાવવા માંડી. કયારેક હાર મળી તો કયારેક જીત. પણ એકાદ વર્ષમાં એ કંઈક થાળે પડી ગયો. ગોદીમાં એક કિલયરિંગ એજન્ટને ત્યાં કામ કરતાં એને પરદેશ માલ મોકલતા નાનામોટા વેપારીઓનો પરિચય થયો અને પછી એણે ગોદીની નોકરી છોડી આવી એક પેઢીમાં નોકરી મેળવી લીધી. પહેલાં તો એને પરદેશ જતા માલના પૅકિંગ વગેરે પર દેખરેખ રાખવાનું અને વખારમાં બધું વ્યવસ્થિત રાખવાનું કામ સોંપાયું હતું. પણ પાછળથી એને માલની ખરીદીનું કામ આપવામાં આવ્યું. પરદેશમાં જે વસ્તુની માગ હોય અને જે મોકલવા પેઢી કબૂલ થઈ હોય તેવી કેટલીક વસ્તુઓની બજારમાં જયારે ખેંચ વરતાતી ત્યારે બાદર શહેરના ખૂણેખાંચરેથી તે માલ શોધી લાવતો અને સમયસર એને પરદેશ ચડાવતો. આ કામગીરી બાદરને ઠીક ફાવી ગઈ હતી. રહેતાં રહેતાં કઈ વસ્તુનો કેટલો જથ્થો મોટા વેપારીઓ સિવાયના માણસો પાસે છે અથવા હોઈ શકે તેની ચોક્કસ ગણતરી બાદરની નજરમાં રહેવા લાગી અને એ જે પેઢીમાં કામ કરતો હતો તે પેઢી સિવાયની પેઢીઓને પણ જયારે માલનો જોઈતો જથ્થો મેળવવામાં મુશ્કેલી

પડતી ત્યારે એની મદદ માગવામાં આવતી. આ કામમાં એને એની ચાલુ આવક ઉપરાંત થોડુંક વધુ મહેનતાણું મળતું અને માલ વેચનાર કે લેનાર પાસેથી કોઈ વાર ખાનગી તો કોઈ વાર ખુલ્લું કમિશન પણ એ રળી લેતો. આમ કરતાં કરતાં બાદર પાસે થોડીક રકમ એકઠી થઈ અને એ જે પેઢીમાં નોકરી કરતો હતો તે પેઢીના એક ભાગીદાર છૂટા થતાં બાદરે એની સાથે સાથ મિલાવી નાનકડી ભાગીદારીમાં ધંધો શરૂ કર્યો. નાની ભાગીદારી એને ફાવી નહીં અને મોટી એના ભાગીદારે આપી નહિ એટલે બાદરે સ્વતંત્ર ધંધો શરૂ કર્યો. મુંબઈમાં વેપાર કરતી કેટલીક પરદેશી પેઢીઓ સાથે બાદરે સારો સંબંધ કેળવ્યો હતો એટલે એને સ્વતંત્ર ધંધામાં કોઈ મોટી અગવડ નડી નહીં. મુંબઈનાં તેમ જ કેટલીક વાર બીજાં શહેરોનાં બજારોમાંથી માલ લાવી આ પરદેશી પેઢીઓને પૂરો પાડવાનો વ્યવસાય બાદરને ઠીક ફાવી ગયો. પણ બીજું વિશ્વયુદ્ધ શરૂ થતાં બાદર જે જર્મન પેઢી સાથે સારો ધંધાદારી સંબંધ ધરાવતો હતો તે પેઢીનું કામકાજ સરકારે થંભાવી દીધું અને બાદરના બાવીસ હજાર એ પેઢીમાં અટવાઈ ગયા.

પણ આ પછી તો ફરી રંગ આવ્યો અને બાદરને એ ખોટ યાદ પણ ન આવે એવા દિવસો આવી ગયા.

અને પછી એ દિવસો પણ વીતી ગયા. આજે મોતી ખુશાલ-ની મહેરબાનીથી બાદર કાપડની ફેરી કરતો થઈ ગયો હતો. જે મોતી ખુશાલને એક વાર એણે કહેવડાવ્યું કે તારું ખોરડું વેચવું હોય તો કહેજે, હું મોંમાંગી કિંમત આપીશ. એ જ મોતી ખુશાલની દુકાનેથી ઉધાર માલ મેળવી બાદર માંડ માંડ પોતાની આજીવિકા ચલાવી રહ્યો હતો અને એક વખતના એ માલદાર તથા માથાભારે માણસની બદલાયેલી દશા જોઈ લોકોને ઈશ્વર યાદ આવી જતો, એની લીલાને લગતાં સુવાક્યો યાદ આવી જતાં. નજરે જોવા છતાં એમને એ કદી યાદ આવતું નહિ કે ભગવાનની લીલાનો ભોગ

બનીને બાદર દયાજનક પ્રાણી બન્યો ન હતો. એ લીલામાંથીય તેણે નફો તારવ્યો હતો, એ પહેલાં કરતાં વધુ સારો માણસ બન્યો હતો. પૈસા એણે ગુમાવ્યા હતા એ સૌ જાણતા હતા, પણ પૈસા ગુમાવીને એણે શું મેળવ્યું હતું તે કોઈ જાણતું ન હતું.

મોતી ખુશાલનો મોટો દીકરો લાલુ પણ સૌની જેમ અજાણ હતો.

મોતી શેઠ જેવા કેટલાક સમજદાર અને પીઢ માણસોય બાદરની હૈયાપૂંજી વિશે અજાણ હતા. છતાં એ લોકો એટલું જાણતા કે બાદરના દિવસો બદલાયા છે, એ પણ બદલાયો છે, બદલાઈને સુધર્યો છે. એમ તો અજાણ હોવા છતાં ગામલોકોય એટલું તો જાણતા કે બંકો આવી હાલતમાંય બંકો જ હતો.

પણ લાલુને આ બંકાગીરી ગમતી નહિ. કોઈ બાદર માટે બે સારા શબ્દો બોલતું તો તુરત એ કહી નાખતો :

'અમારા કેટલા લેણા નીકળે છે એ જાણો છો ? બંકાની શાહુકારી મારે ચોપડે ગીરવી પડી છે એનો ખ્યાલ નહિ હોય તમને. મસીદને ઓટલે ટાઢે ઠરતા ફકીર પર બંકો બાર રૂપિયાની શાલ ઓઢાડી આવ્યો. પણ એ શાલની કિંમત એણે જ્યાં લગી અમને ચૂકવી નથી ત્યાં લગી તો એણે અમારા વતી પરમારથ કર્યો એમ જ ગણાય ને ? એની દિલાવરી બધી અમારે હિસાબે ને જોખમે છે ભાઈ, સમજ્યા ? આ તો બાપુ માનતા નથી ને આંખો મીંચી એને ધીર્યે જાય છે એટલે, નહિ તો બંકાના બે ઘડીમાં બાર વાગી જાય.'

એક રીતે લાલુની વાત સાચી હતી. આ વાત પર બાપદીકરા વચ્ચે થોડીક બોલાચાલી પણ થઈ હતી, પણ મોતી શેઠે બાદરને જોઈએ તેટલો માલ ઉધાર આપવાનો નિયમ બદલ્યો ન હતો. દીકરા કરતાં બાપ સાવ જુદી જ પ્રકૃતિ ધરાવતો હતો. બાદરે પહેલાં હંમેશાં મોતી શેઠની બદબોઈ જ કરી હતી, પણ ભૂતકાળની વાતો યાદ રાખી વખત આવ્યે વેર વાળવાની વૃત્તિ મોતી શેઠમાં ન હતી. દુશ્મન માટે પણ બને તો કંઈક કરી છૂટવાની પરોપકાર-વૃત્તિ

એમનામાં પહેલેથી જ હતી, જ્યારે લાલુમાં એ જાતની વૃત્તિનો સદંતર અભાવ હતો. લાલુ મોજીલો, ઉડાઉ, વિલાસી અને વંઠેલો હતો, પણ પોતાના આ દુર્ગુણો ઘરના માણસોથી કેવી રીતે ઢાંકી રાખવા તે એને આવડતું હતું. લાલુ વિશે ગામલોકો જેટલું જાણતા તેટલું ઘરના માણસો જાણતા ન હતા. અંગત અપલક્ષણોની આર્થિક આવશ્યકતાઓને પહોંચી વળવા એ કદી કદી ખાનગીમાં સટ્ટો અને જુગાર પણ ખેલતો. મોતી શેઠ દીકરાનાં અપલક્ષણોથી સાવ અજાણ ન હતા. એટલે ક્યારેક એને ગર્ભિત રીતે ઠપકો આપતા, પણ લાલુની આદતોથી મોટા મનદુઃખનું કારણ મળે એવી સ્થિતિ એમને માટે હજી સરજાઈ ન હતી. બાપદીકરા વચ્ચે બનાવ કરતાં અણબનાવ વધુ હતો, પણ મોતી શેઠના સહનશીલ સ્વભાવને કારણે બેઉ વચ્ચે સરળ વ્યવહાર ટકી રહ્યો હતો અને વખત આવ્યે લાલુ પણ મર્યાદા જાળવી લેતો હતો. આમ છતાં બંદર માટે એને ઘણી વાર બાપને બે બોલ કહેવા પડતા.

પોતાને કારણે બાપદીકરા વચ્ચે કદી કદી વિખવાદ જાગી જતો હતો એ વાત થોડીક બંદર પણ હવે તો જાણતો હતો. પણ એના અલગારી સ્વભાવમાં એથી કશો ફેર પડ્યો ન હતો. દુકાનેથી એ માલ લઈ જતો, વેચતો અને જે કમાતો તેમાંથી થોડુંક અંગત ખર્ચ માટે રાખી બાકીનું દુકાનમાં જમા કરાવતો હતો. પણ એનું ખાતું હમેશાં ખોટમાં રહેતું. બાદર જેટલો નફો રળતો હતો તેથી વધુ રકમ જાણ્યે-અજાણ્યે ખરચી નાખતો હતો. એનો અંગત ખર્ચ તો નહિવત્ હતો પણ એનો ઉદાર સ્વભાવ એના ખાતાને ખૂબ નડી રહ્યો હતો. કદી એ ટાઢથી થરથરતા નિરાધાર ફકીર પર શાલ ઓઢાડી આવતો, તો કદી કોઈ ગરીબ રાંડીરાંડની સાસરે જતી દીકરીને એક જોડી કપડાંનું કાપડ પોતાના તરફથી આપી આવતો. ગરીબ ઘરાકોને એ સારા પ્રમાણમાં ઉધાર માલ આપતો અને ખિસ્સામાંના વકરાના રોકડ પૈસામાંથી ઘણી વાર શેરીનાં નાનાં

છોકરાંઓને પતંગ, પિપરમીંટ કે પેન-પેનસિલની લાણી કરતો. ક્યારેક ઉંમરમાં આવ્યા છતાં લાચાર હાલતને કારણે સરખી રીતે શરીર ન ઢાંકી શકતી મજૂરવર્ગની કોઈ કન્યાને બાદરકાકા તરફથી ઓઢણી મળી જતી તો ક્યારેક વળી કોઈ જરાગ્રસ્ત વૃદ્ધાના ચીંદરડીઓ બની ગયેલા ઘાઘરાને બરતરફી બક્ષવા બાદર બંકો લાલચટક જેવો કસૂંબો ફાડી આપતો. અને લાલુ કદી આવી બાબતો વિશે, દુકાનમાં બેપાંચ માણસો બેઠા હોય ને બાપ આગળ ફરિયાદ કરી બેઠેલાંઓનું પીઠબળ મેળવવા મથતો, ત્યારે એનો પક્ષ લઈ કોઈ કંઈ કહે તે પહેલાં મોતી શેઠ કહેતા :

'દુકાન ભરી પડી છે લાલુ, અને રોજ કેટલાંય ચાંથરેહાલ માણસો આ રસ્તા પરથી પસાર થાય છે. મારાથી કે તારાથી વેંતની ચીંદરડીય કોઈને આપી શકાતી નથી. એ તો જેનો જેવો જીવ ભાઈ! દેવું કરીને દાન કરનારાય પડ્યા છે ને આપણા જેવા ટૂંકા જીવનાય પડ્યા છે દુનિયામાં. બાદર જે કરે છે તે એની પોતાની જવાબદારી પર કરે છે. એમાં તું શા માટે જીવ બાળે છે, ભઈલા!'

'પણ એનું ખાતું...'

'દુકાન હોય એટલે ચોપડાય હોય અને ખાતાંય હોય. આપણા ચોપડામાં સારી રીતે જીવતું ખાતું એક બાદરનું છે. બાકી કેટલાંય તો મરેલાં ખાતાં છે એમાં. આબરૂદાર ગણાતાં ઉધારિયાં કરતાં બાદરનું ખાતું વધુ વહેવારિયું છે. એના પાનાની જમાબાજુ બીજાં કેટલાંક ખોટવગાં ખાતાંઓની જેમ કોરીધાકોર નથી.' મોતી શેઠ કહેતા અને લાલુને બોલતો અટકાવી દેતા.

આમ પહેલાં ગામનો ઉતાર ગણાતો બાદર રૂપિયાની રેલમછેલ સુધી પહોંચીને પાછો વળી ગયો હતો અને કોડી કફન માટે ન હોવા છતાં ઉધાર લાવેલા માલની ફેરી કરતાં કરતાં ગામના શેઠિયાઓ કરતાં વધુ લોકાદર મેળવી જિંદગીના પાછલા દિવસો દિલાવરી સાથે વિતાવી રહ્યો હતો. મોતી શેઠની મહેરબાનીથી બંકો પરગણામાં

પંકાતો થઈ ગયો હતો. ખાતે દેવું પતરાતું જતું હતું અને બહાર ઇજ્જતનું જમાપાસું જોરદાર બનતું જતું હતું. કહેનારા એવું પણ કહેતા કે લાલુમાં લાંબી નજર નથી, બાકી મોતી શેઠ બંકા પર જે મહેરબાનીઓ કરી રહ્યા છે તે હેતુ વિનાની નથી. બાદરને દેવાદાર બનાવી મોતી શેઠ એનું ઘર જે ઘણા વખતથી એમણે દાઢમાં ઘાલ્યું હતું તે પડાવી લેવાના છે. ઘર પડાવી લેવા જ એ આ બધી રમત રમી રહ્યા છે, પણ લાલુ એ સમજતો નથી.

'પણ તો પછી એ દીકરાને ખાનગીમાં સમજાવતો કેમ નથી?' મોતી શેઠ માટે આદર ધરાવનાર તરફથી દલીલ થતી.

'અરે સમજાવી દીધું હશે ભાઈ, પણ આ તો વાણિયા કહેવાય. દીકરો ખોટું ખોટું ઝઘડે અને બાપા ખોટી ખોટી લાગણી બતાવે તો જ બાદરને અંધારામાં રખાય; નહિ તો એ તરત સમજી જાય એવો છે, કંઈ ઓછો ઊતરે એમ નથી. બાપ-દીકરો બનાવટ કરીને એક દિવસ બંકાને ખોરડા વિનાનો ન કરી મૂકે તો મને કહેજો.'

પણ આવું કહેનારાનાં મોં સિવાઈ જાય એવો એક બનાવ બની ગયો. બાદર માંદો પડ્યો અને માંદગી રહેતાં રહેતાં ગંભીર બની ગઈ. મોતી શેઠે જાતે બાદરની ચાકરી કરવા માંડી અને બે વાર તો શહેરના મોટા મોટા ડૉક્ટરો પાસે મોતી શેઠ જાતે એને લઈ ગયા. બાદર મરે તો લેણા પેટે એનું ઘર સહેલાઈથી મોતી શેઠને મળી જાય તેમ હતું, છતાં એ એને જિવાડવા તનતોડ મહેનત કરી રહ્યા હતા, સગો ભાઈ પણ ન કરે એવી શુશ્રૂષા કરી રહ્યા હતા. નિંદા કરનારાઓનાં મોં આ બધું જોઈ આપોઆપ જ બંધ થઈ ગયાં.

બંકો બેઠો થયો અને તબિયત જરા સુધારા પર આવતાં ફરી ખભે કાપડની ગાંસડી નાખી ગલીએ ગલીએ ઘૂમવા લાગ્યો.

'તું માનતો નથી બાદર, પણ તબિયત ઊથલો ખાશે તો તું ફરી માંદગીમાં પટકાઈ પડીશ. હમણાં થોડા દિવસ રહેવા દે ફેરીએ જવાનું.' મોતી શેઠે બાદરને કહ્યું.

'ફેરીએ નહિ જાઉં ત્યાં લગી મારી તબિયત પૂરેપૂરી નહિ સુધરે. ફેરી કરવા માટે તો મોતના મોંમાંથી પાછો ફર્યો છું. નહિ તો મારા વિના દુનિયાનું બીજું કયું કામ અટકી પડવાનું હતું? માલિકના મુલકમાં ફેરિયાઓની જરૂર નથી એટલે તો મને છેક પહોંચેલાને પાછો ઠેલ્યો. અને ફેરી નહિ કરું તો તમારું દેવું કયારે ભરાશે? બેચાર દિવસ પછી તો ગામડે જવાનુંય શરૂ કરી દઈશ.'

'માનતો નથી પણ પટકાઈશ પાછો હો. અને હવે તારી ચાકરી કરવા જેટલી મારામાં તાકાત નથી.'

'કરવાય નહિ દઉં હવેથી, અને હા, કાલથી હું મારે ઘેર જ રોટલા ઘડી લઈશ. ચંપુ ભાભીને કહેજો કે...'

'તું કહેજે એને, હું કાંઈ કહેવાનો નથી.'

'મેં તો કહ્યું પણ માનતાં નથી. કહે છે કે તમારે એકલા જીવને એ જંજાળજથમાં હવે પડવું જ નહિ. બે વખત અહીં જ જમી લેવું.'

'તો એ જાણે ને તું જાણે.' મોતી શેઠે સ્મિત કરતાં કહ્યું, 'મને તમારા દિયરભોજાઈના ઝઘડામાં શીદ નાખે છે?'

'કારણ છે.'

'શું કારણ છે?'

'કહેવાય એવું નથી.'

'એવું તે શું કારણ છે બાદર?' મોતી શેઠે ગંભીર ભાવે પૂછ્યું, 'કોઈ ખાસ બાબત હોય તો તારે મને જણાવી દેવી જોઈએ.'

'જણાવવાથી ફાયદો કશો નથી થવાનો અને નુકસાન નક્કી છે.'

'શી વાત છે, બાદર? સાચું કહે!'

'હું તમારે રસોડે જમું છું એ લાલુને ગમતું નથી.'

'એને ન ગમતું હોય તેથી શું થયું? મને અને તારી ભાભીને તો ગમે છે ને!'

'છતાં મારે કારણે આવી નાની બાબતમાં ઘરમાં ખટરાગ થાય એ ઠીક ન કહેવાય.'

'લાલુને તો મને ગમતી ઘણી ઘણી બાબતો નથી ગમતી, બાદર! તારે એના ગમાઅણગમા તરફ કશું ધ્યાન કદી દેવાનું નથી.'

'પણ.........'

'કશું ને બાદર! છોકરાની ઉદ્ધતાઈ તારે લક્ષમાં લેવાની નથી. હું આજે ખબર લઈ નાખીશ લાલુની. એ સમજે છે શું એના મનમાં!'

'એવું કશું કરશો નહિ. નકામી કડવાશ વધશે. મારી ચાર રોટલી ખાતર ઘરમાં ઝઘડો પેસે એના કરતાં હું પહેલાંની જેમ હાથે રાંધી લઉં એ જ વધુ સારું છે. અને પહેલાંય હું નામનું જ રાંધતો હતો, બાકી અઠવાડિયામાં ત્રણચાર દિવસ તો તમારે ત્યાં જ જમતો હતો ને? બસ, એમ ચાલ્યા કરશે એ તો.'

'પણ રોટલાની ગણતરી કરવા જેવો હલકો વિચાર લાલુને આવે જ કેમ?'

'એ તો આવે. જેવો જેનો જીવ. તમે મને સગા ભાઈ કરતાંય વધારે રાખો છો, પણ મારા જેવા માણસને કાકો બનાવવો કે નહિ એ નક્કી કરવા જેટલો અંગત અધિકાર લાલુને હોવો જોઈએ.'

'હું એને આજ બધાય અધિકારો સમજાવી દઈશ. પોતે તો ખરાબ ધંધાને રવાડે ચઢી પૈસાનું પાણી કરે છે અને હું કોઈને રોટલો ખવડાવું એ એને મન અણગમાભરી બાબત છે એમ ને? જોઉં છું એને બરાબર આજ સાંજે.'

પણ સાંજે ઘેર પહોંચી મોતી શેઠે કંઈક જુદું જ જોયું. બનાવટી નોટોને ફરતી કરવાના આરોપસર લાલુની ધરપકડ કરવા ઘેર પોલીસ આવી હતી અને લાલુના કબાટના ચોરખાનામાંથી ગુનાની સાબિતી માટે પૂરતી થઈ પડે એટલી નોટો ઝડતીમાં જડી આવી હતી.

સાંજે મોતી શેઠે અંધકાર જોયો, દુનિયા એમને ચક્કર ચક્કર ફરતી દેખાઈ અને દીકરાને હાથકડી સાથે ઘર બહાર જતો જોયાના દુર્ભાગ્યમાંથી બેહોશીએ એમને બચાવી લીધા.

આ પ્રસંગથી મોતી શેઠની પડતી દશાના શ્રીગણેશ મંડાયા. લાલુ અટકમાં લેવાયો કે તરત જ એના ખાનગી લેણદારો બહાર આવ્યા. બાપથી છાને દીકરાએ દસેક હજારનું દેવું કર્યું હતું. લેણદારો કોર્ટે જાય તો લાલુનો કેસ બગડતો હતો. મોતી શેઠે ઘરેણાં-ગાંઠાં વેચી લાલુના લેણદારોને શાંત કર્યા અને નોટોના કેસમાંથી એને બચાવી લેવા ઘર ગીરો મૂક્યું. નાણાંની જબરદસ્ત તંગીનો સામનો કરતાં બાપે દીકરાને બચાવી લેવા બૅરિસ્ટરો રોક્યા. કેસ હાઈકોર્ટ સુધી ચાલ્યો. મોતી શેઠ ઘણું મથ્યા, પણ લાલુ ગુનેગાર પુરવાર થયો.

દીકરો જેલમાં ગયો અને મોતી શેઠ પોતાની આર્થિક પરિસ્થિતિ તપાસવા બેઠા. રોકડ અને દાગીના તો ક્યારના સાફ થઈ ગયા હતા. દુકાન પર બાર હજારનું દેવું હતું. આબરૂ જેટલો અપાવે તેટલો માલ ઉધાર લઈને એ અત્યાર સુધી ટકી રહ્યા હતા, પણ હવે એ રીતે ટકી શકાય તેમ ન હતું. છેલ્લા છ માસથી એમના લેણદારો પણ કડક તકાદો કરી રહ્યા હતા. અત્યાર સુધી તો લાલુના કેસનું બહાનું આડે ધરી શકાતું હતું, પણ હવે એય ન હતું. મોતી શેઠ જોઈ શક્યા કે લાલુ એમને ઘરબાર વિનાના કરી ગયો છે. મનની વાતનો વિસામો આ દિવસોમાં એક માત્ર બંકો હતો. એમણે એક દિવસ બાદરને કહ્યું :

'બાદર, દુકાન અને ઘર બેઉ વેચું તોય પહોંચાય તેમ નથી.'

'દુકાન તો વેચાય નહિ.'

'ખરું, પણ બજારમાં બેસવા જેટલી ઇજ્જત મારી રહી નથી. કયે મોઢે હું દુકાનને થડે બેસું ? ઉપરાંત વેપાર પણ હું આ વરસ દરમિયાન સાચવી શક્યો નથી. ઘરાકી સાવ તૂટી ગઈ છે.'

'ઘર વેચવાથી દુકાન બચી શકે ખરી ?'

'ના, ઘર તો ગિરવી છે. એની કિંમત કરતાંય વધુ રકમ મને આબરૂદાર સમજીને ધીરનારે ધીરી એટલે ઘર તો આપણું છે જ નહિ, એમ સમજીને વિચારવાનું છે. દુકાનના માલ સાથે, દસ હજારથી

વધુ ઊપજે તેમ નથી. બે હજાર એ ખૂટે અને ઘર પર લીધેલી રકમમાંય બેત્રણ હજાર વધુ લેવાયા છે. નાગાઈ કરું તો જુદી વાત છે. પણ ખરું જોતાં તો મારે ઘર અને ત્રણ હજાર રૂપિયા આપવા જોઈએ. એણે મને આબરૂદાર સમજીને ધીર્યા છે, બાદર.'

'દુકાનના બેત્રણ હજાર વધુ ઊપજે તેમ નથી ?'

'ના, એક તો કોઈ ખરીદનાર જ નથી. અને જે છે તે આઠ હજારથી વધુ આપવા માગતો નથી. દાઢીમાં હાથ નાખું તો કદાચ દસ હજાર આપે. એથી વધુ તો એની કિંમત પણ નથી.'

'પતાવટ જ કરવી હશે તો લેણદારો પાંચ હજાર ઓછા લેવામાં ઝાઝી આનાકાની નહિ કરે.'

'પતાવટ જ કરવી છે બાદર, પણ ખરે વખતે મને રૂપિયા કાઢી આપનારને ઓછા આપું એ તો મારી લાયકાત નહિ. મોતી ખુશાલ ઊઠીને પતાવટ કરવા જાય, બાદર !' મોતી શેઠની આંખ ભીની થઈ ગઈ. 'મોતી ખુશાલ કોઈનું લેણું ડુબાડે એવી પતાવટ કરવા જાય એના કરતાં તો અફીણ ઘોળે એ શું ખોટું ? મારે જીવીને હવે કરવું છેય શું ? દેવું ભરે એવો દીકરો હોત તો તો કોઈ ધીરત પણ ખરું. હવે તો જીવું તોય ખાઉં શું, બાદર ?'

'સવાલ પાંચ જ હજારનો છે ને ?'

'હા, અને બીજો સવાલ છે રોટલાનો. બેમાંથી એકેયને પહોંચી શકાય તેમ નથી.'

'રોટલાનો દેનાર તો જાણે બેઠો છે માથા પર. દાંતના દેનારને ચાવણું દીધા વિના ચાલવાનું નથી. રહી વાત પાંચ હજારની, જે તમારી જગ્યાએ બીજો હોય તો વિચારે જ નહિ. પણ તમે જરા જુદા છો. અંતરની અમીરાતને સાબૂત રાખવી છે તમારે, ભલે. સંભાળી રાખવા જેવી છેય ખરી એ અમીરાત. તમતમારે ચૂકવણી-ની તૈયારી કરો. કહો દેણદારોને કે વ્યાજ ચડાવીને ચોપડા હાજર કરો. મોતી ખુશાલ દેવું ચૂકવવા તૈયાર છે.'

'પણુ બાદર.....ભાઈ, મારા એ બને શી રીતે ? એવું કહેતાં તો મારી છાતી ગજ ગજ ફૂલે, મારું જીવ્યું લેખે લાગે, પણ પૂરા પાંચ હજાર ખૂટે છે. કાઢવા ક્યાંથી ?'

'આ બધી ગણુતરીઓમાં એક મહત્ત્વની વાત તમે લક્ષમાં નથી લીધી.'

'કઈ વાત !'

'તમારે બાદર નામનો એક નાનો ભાઈ છે અને એના ખોરડાના નાખી દેતાં છસાત હજાર ઊપજે તેમ છે એ.'

'બાદર...ભાઈ...' મોતી શેઠ આગળ બોલી શક્યા નહિ. ગળું રૂંધાઈ ગયું હતું. એટલે મોં મૂકીને રડી પણુ શક્યા નહિ. ધીમી ધારે ખામોશ આંસુ વહેતાં રહ્યાં.

'જાહેર કર્યા વગર જાણવું નહિ કશું અને પાછળથી પછી કોચ-વાચા કરવું ! લ્યો, ઊઠો હવે, તમે તમારું કામ શરૂ કરો અને હું ય બે દા'ડા ગાંસડીને આરામ આપી ઘરનું ઘરાક ગોતું.' બાદરે કહ્યું અને ઊઠીને ચાલ્યો ગયો.

ગામમાં વાત ફેલાઈ ગઈ કે મોતી શેઠ ચૂકવણી કરે છે. બંકો ઘર વેચે છે. આ બે બનાવો વચ્ચેના સૂક્ષ્મ સંબંધની પણ પછી સૌને જાણ થઈ ગઈ.

અઠવાડિયામાં બંકાએ એના ઘરનું ઘરાક ઊભું કર્યું. પૂરા સાત હજાર ઊપજ્યા. રૂપિયા મોતી શેઠના હાથમાં મૂકી બંકાએ કહ્યું :

'મારું કામ પૂરું થયું, તમારું હવે શરૂ કરો. અઠવાડિયાથી ગાંસડી સૂની પડી છે, હું જરા એક આંટો મારી આવું. નહિ તો તમને પાછી રોટલાની ચિંતા થશે.'

ને એ નીકળી પડ્યો : 'ફએ...ન્સી કાપ...ડ એઈ આ...તરે'-વાર કાપ...ડ'

બપોરે જમવા વખતે બાદર ઘેર પહોંચ્યો ત્યારે મોતી શેઠે કહ્યું :

'તારા નામનું એક કાગળિયું આવ્યું છે ભઈ, લે.'

'કાગળિયું ! મારા નામનું !' કહેતાં બાદરે કવર હાથમાં લીધું અને અંદરનો કાગળ કાઢી વાંચવા લાગ્યો.

મહાવરાને અભાવે પત્રની અંગ્રેજી ભાષા સમજતાં એને સારી એવી વાર લાગી. પણ ભાવાર્થ સ્પષ્ટ હતો. બાદરના મોં પરના બદલાતા ભાવો જોઈ મોતી શેઠે પૂછ્યું :

'શાનો કાગળ છે, બાદર ?'

'આપણા બદલાતા તકદીરનો. રૂપિયા મને શોધતા હતા અને હું સંતાતો ફરતો હતો ! વર્ષો પહેલાંનો મારો એક કલેઈમ પાકયો છે. લડાઈ શરૂ થતાં મારા બાવીસ હજાર એક જર્મન પેઢીમાં સલવાઈ ગયા હતા તે હવે છૂટા થયા છે.'

'બાવીસ હજાર !'

'હા, પૂરી રકમ મળશે એવું લખે છે. તમે એક કામ કરી શકશો ?'

'શું ?'

'લેણદારો પાસેથી થોડી મહેતલ માગી લો. થોડા જ દિવસમાં પૈસા મળી જશે.'

'હું કહેવા જ કરતો હતો બાદર, કે દુકાન હવે તું ખરીદી લે. ઘર પણ તું જ...'

'મારે એ જળોજથા નથી જોઈતી. હું તો ચંપુભાભીના હાથની ચાર રોટલીનું ઘરાક. રૂપિયા તમને આપું એટલે હું છુટ્ટો. પછી હું ભલો અને મારી ગાંસડી ભલી.'

અને થોડા દિવસ પછી રૂપિયા બાવીસ હજાર મોતી શેઠના ખોળામાં નાખી બંકાએ ખરેખર જ ગાંસડી ખભે કરી. મોતી શેઠે એને રોકયો ત્યારે એણે કહ્યું : 'ઘણા ખેલ ખેલ્યો છું જીવતરમાં. તકદીરને ઘણી તકો આપી છે મેં. પણ હવે એના ચક્કરમાં આવે એ બીજા, હું નહિ.'

ને બંકો નીકળી પડયો : 'ફએ...ન્સી કાપ...ડ એઈ...આ તરે'વાર કાપ...ડ.'

● પ્રકાશક : શ્રીમતી કાંતાબહેન નંદલાલ શાહ
'સવિતૃ ભવન'
૧૭, નટરાજ સોસાયટી
ગુલબાઈનો ટેકરો
અમદાવાદ ૩૮૦ ૦૧૫

● પ્રથમ આવૃત્તિ, ૧૯૮૧

● પ્રત ૨૦૦૦

● પૃષ્ઠ : ૫૨

● **પ્રાપ્તિસ્થાન :** નંદુભાઈ શાહ
હરિઃ ૐ આશ્રમ, નડિયાદ – ૩૮૭ ૦૦૧
હરિઃ ૐ આશ્રમ, સુરત – ૩૯૫ ૦૦૫

● મુદ્રક :
શ્રી પ્રવીણચંદ્ર એન. ગામી
પ્રણવ પ્રિન્ટર્સ
૧૧–અ, વિજય કોલોની
સરદાર પટેલ કોલોની પાસે
ઉસ્માનપુરા, અમદાવાદ – ૩૮૦ ૦૧૩

ગુણ-ભાવ-વિકાસક સાહિત્યના
બહોળા પ્રસારાર્થે સસ્નેહ ભેટ

નિવેદન

આપણી કેળવણીમાં હૃદયને કેળવવાનો થોડોઘણો અવકાશ માત્ર લલિત સાહિત્યમાં રહેલો છે. એમાંથી સાચા ભાવુકના હૃદયના ગુણો અને ભાવ ખીલે છે અને જીવનનું સૌંદર્ય વ્યક્તિ પામી શકે છે. આવું સાહિત્ય જીવનને ઉષ્મા આપનારું નીવડે છે. બુદ્ધિની શુષ્ક છણાવટો જ્યાં વ્યક્તિનું વર્તન જન્માવવામાં નિષ્ફળ જાય ત્યાં હૃદયના ભાવોથી સભર વ્યક્તિ સહજપણે પોતાનું વર્તન જન્માવી શકે છે. અંતે તો એ માત્ર વ્યક્તિના જીવનને જ નહિ પરંતુ સમષ્ટિ-જીવનને પણ ઉપકારક નીવડે છે. કંઈક આવી સમજથી અને પ્રભુકૃપાથી વ્યક્તિની કક્ષા અનુસાર શિષ્ટ સાહિત્ય ભેટ આપવાનો મેં વ્યાસંગ વર્ષોથી કેળવ્યો છે. એમાં મને મારાં નાણાંનો પૂરેપૂરો સદ્‌વ્યય ભાસે છે. એના એક અંગ રૂપે કદીક કદીક આવું પ્રકાશન કરવાનું ઊગે છે. આશા છે કે વાચકવર્ગને એ ઉપકારક નીવડશે.

શ્રી કે. જે. મહેતા, શ્રી સારંગ બારોટ તથા સ્વ. શ્રી ચુનીલાલ મડિયાનાં પત્ની શ્રીમતી દક્ષાબહેને વિના પુરસ્કારે તેમની તેમની વાર્તા પ્રસિદ્ધ કરવા સંમતિ આપી તેવા તેઓના ભાવ બદલ ઘણો આભાર માનું છું. 'તેજછાયા' શીર્ષક કવિ શ્રી હેમંતભાઈ દેસાઈએ સૂચવ્યું તે બદલ તેમના આભારી છીએ.

—નંદુભાઈ

ધનતેરસ, સંવત ૨૦૩૭
તા. ૨૫-૧૦-૮૧
હરિઃ ૐ આશ્રમ, નડિયાદ